દર્શન | જ્ઞાન

# બુદ્ધિપ્રભા

ફક્ત સભ્યો માટે

સંસ્થાપક- પૂજ્યપાદાચાર્ય પ્રશાન્તાત્મા શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજીના સાનિધ્યમાં
તેઓશ્રીના શિષ્યરત્ન પન્યાસપ્રવર **શ્રી મહોદયસાગરજી** ગણિવર્ય.




વંદન હો ! યોગનિષ્ઠ, કર્મયોગી, અધ્યાત્મજ્ઞાન દિવાકર
વિશ્વ, વિરલ, દિવ્ય વિભુતિને !... ....

ચારિત્ર | તપ

## આવશ્યક માહિતી

૧ "બુદ્ધિપ્રભા" દર મહિનાની ૨૦ મી તારીખે પ્રગટ થાય છે.

૨ બને તેટલું ટુંકુ અને મુદ્દાસર કાગળની એક બાજુ ફુલસ્કેપ કાગળમાં ચોખ્ખા અક્ષરે શુદ્ધ લખાણ મોકલી આપવું.

૩ દર અંકે જૈન જગતના સમાચાર આપવામાં આવશે.

૪ વાર્ષિક લવાજમ તથા લેખ, સમાચાર વિ. મોકલવા માટે અને તે અંગેનો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવો.

**બુદ્ધિપ્રભા કાર્યાલય**
C/o. પંડિત છબીલદાસ કેસરીચંદ
દાદાસાહેબની પોળ, **ખંભાત.** (W. R.)

## વિષય દર્શન


| નં. | વિષય | | લેખક | પેજ નં. |
|---|---|---|---|---|
| ૧ | કાવ્ય | .... | આ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી | ૩ |
| ૨ | આવકાર | .... | તંત્રીઓ | ૨ |
| ૩ | કર્મની સત્તા | .... | આ. શ્રીમદ્ બુદ્ધિસાગરશ્વસૂરીરજી | ૩ |
| ૪ | મૂર્તિપૂજાનું વૈજ્ઞાનિક રહસ્ય | .... | પંડિત વસિષ્ઠજી યાજ્ઞિક | ૬ |
| ૫ | શાશ્વત સુખનો ધોરીમાર્ગ | .... | પ. પૂ મુનિશ્રી ત્રૈલોકયસાગરજી મહારાજ | ૮ |
| ૬ | મનન મધુ | .... | પ. પૂ પન્યાસજી મ. શ્રી કનકવિજય ગણિવર | ૧૦ |
| ૭ | તમે તમારા ડોકટર બનો | .... | ડો. ભોગીલાલ ગાંધી | ૧૧ |
| ૮ | યોગીનો આદેશ | .... | શ્રી મણીલાલ હા. ઉદાણી | ૧૨ |
| ૯ | રાગમાંથી વિરાગ | .... | શ્રી પ્રકાશ જૈન | ૧૪ |
| ૧૦ | શાસન સમાચાર | .... | — | ૧૮ |


: મુદ્રક :
**શાંતિલાલ મગનલાલ ગાંધી**
: મુદ્રણસ્થાન :
અરૂણોદય પ્રિં. પ્રેસ – સરદાર ટાવર, **ખંભાત.**

બુદ્ધિપ્રભા સંરક્ષક મંડળ વતી
: પ્રકાશક :
**શાહ હીંમતલાલ છોટાલાલ**
ત્રણ દરવાજા, ખંભાત.

श्रीमन्तं ज्ञानवन्तं विशदमतिमतां संमतं चारुमूर्तिम्, सौभाग्यैकं प्रधानं प्रवरसुखदं सर्वशास्त्रप्रवीणम्
शुद्धानंदप्रकाशं विबुधजनवरकर्मभूमिखनित्रम्। बुद्ध्यब्धि सूरिवर्यं स्मरत भविजनाः सद्गुरुं दिव्यरूपम्

# બુદ્ધિપ્રભા (માસિક)

તંત્રીઓ: પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવી, શ્રી ભદ્રીકલાલ જીવાભાઈ કાપડીયા

વર્ષ ૧ લું ] પ્રેરક: સાહીત્યભૂષણ મુનિશ્રી કસ્તુરસાગરજી [ અંક ૨ જો

## જાગો આતમા

( આપ સ્વભાવમાં રે, અવધૂ સદા મગનમેં રહેના – એ રાગ )

આતમધ્યાનથી રે, સન્તો સદા સ્વરૂપે રહેવું;
કર્માધીન છે સૌ સંસારી, કોઇને કાંઈ ન કહેવું. આતમ૦ ૧

કોઈ જન નાચે, કોઈ જન રૂવે, કોઇ જન યુદ્ધ કરંતા,
કોઈ જન જન્મે કોઇ જન ખેલે, દેશાટન કોઈ ફરંતા. આતમ૦ ૨

વેળુ પીલી તેલની આશા, મૂરખ જન મન રાખે;
બાવળીયો વાવીને આંબા – કેરી રસ શું ચાખે ? આતમ૦ ૩

વૈરી ઉપર વૈર ન કીજે, રાગીથી નહીં રાગ;
સમભાવે સૌ જનને નિરખે, તો શિવસુખનો લાગ. આતમ૦ ૪

જુઠી જગની પુદ્ગલ બાજી, ત્યાં શું રહી રાજી;
તન ધન યૌવન સાથ ન આવે, આવે ન માત પિતાજી. આતમ૦ ૫

લક્ષ્મી સત્તાથી શું થાવે, મનમાં જોશો વિચારી;
એક દિન ઉઠી જાવું અન્તે, દુનિયા સૌ વિસારી. આતમ૦ ૬

ભલા ભલા પણ ઉઠી ચાલ્યા, જોને કોઇક ચાલે;
બીલાડીની દોટે ચડીયો, ઊંદરડો શું મહાલે ? આતમ૦ ૭

કાળ ઝપાટો સૌને વાગે, યોગીજન જગ જાગે;
બુદ્ધિસાગર આતમ અર્થી, રહેજો સૌ વૈરાગ્યે. આતમ૦ ૮

રચયિતા: યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી

# 'બુદ્ધિપ્રભા' ને આવકાર

આજે "બુદ્ધિપ્રભા" બીજા મહીનામાં પ્રવેશ કરે છે, આજ એ બે મહિનાનું બાળક થાય છે. લેખન એ પણ સર્જનનુંજ કાર્ય છે, અનેકના સંયોગથી એનું સર્જન થાય છે.... એનો નવજન્મ થાય છે.

આજે જ્યારે "બુદ્ધિપ્રભા" આકાર બનીને તમારા ઘરોમાં ઘૂમી રહ્યું છે, ત્યારે એનો ઇતિહાસ જાણવો જરૂરી છે કારણ દરેક પાલક એના સંતાનનો વિકાસ ઇચ્છે છે. અને.... જેને આગળ વધવું છે.... ઊંચે ને ઊંચે જવું છે એણે એના સંજોગોનો, એની પરિસ્થિતિનો, અને વાતાવરણનો અભ્યાસ કરવોજ રહ્યો અને એની શકિતનું માપ કાઢવુંજ રહ્યું.

ગયા લેખમાં અમોએ "બુદ્ધિપ્રભા" શું છે?....શું થવા માંગે છે?.... અને શા માટે છે એનો ખ્યાલ આપ્યો હતો. આ લેખમાં એ કેવી રીતે આજના યુગમાનસને ઝીલી શકે અને એના આત્માને એવો ને એવોજ રાખી શકે એ કહેવા માંગીએ છીએ.

શરૂમાં તો અમારો "ચોપાનીયું" ચાર પાનાજ કાઢવા વિચાર હતો, અને અમે તૈયારી પણ એ રીતેજ કરી હતી, પરંતુ જેમ જેમ અમે ઊંડુ વિચારતા ગયા, જુદી જુદી વ્યકતિઓનો સંપર્ક સાધતા ગયા તેમ તેમ અમને નવુંજ દર્શન થવા લાગ્યું અને અમે નક્કી કર્યું કે વીસ પાનાનું "બુદ્ધિપ્રભા" બનાવવું. અને રોજ આવતા અનેક પત્રો પણ અમને પ્રેરણા આપે છે. વાંચકોનો સાથ અને સહકાર વિના અમે "ચોપાનીયા" ને મોટું બનાવી શકયા જ ન હોત તેથી આ તકે અમો "બુદ્ધિપ્રભા" ને આવકારતા એ ટપાલ લેખકોનો આભાર માનીએ છીએ.

શબ્દોના ગંજ ખડકતા આપણા સમાજમાં અનેક સામયિકો નીકળે છે, પણ કોણ જાણે કેમ કંઈક ખટકે છે. સામયિકોનો ફાલ વધતો જાય છે પણ જીવનમાં ચારિત્ર્ય-સદાચાર જૈનનું જૈનત્વ ઊંચે ચડતુ જ નથી. જાણે કશુંક ખુટે છે.

અમારા વિચારે આ ખોટ તે આજના યુગ માનસને સમજવાની અધુરપ છે યાતો એના પ્રત્યેની ઉપેક્ષા છે. આજનો માનવી જીવ-અજીવ તત્વની ચર્ચા વાંચવાની ના પાડશે એથી કદાચ માથું દુઃખવાની પણ બુમ પાડશે પરંતુ એનો એજ માનવી જો આ ચર્ચાને નવા સ્વરૂપે મુકાયેલી જોશે તો હોંશે હોંશે વાંચશે. જૈન સાહિત્ય તત્વમિમાંસાથી સભર છે, એની દુનિયામાં કોઈ હોડ નથી પરંતુ આપણે કાળબળ સમજવાનું ભૂલ્યા છીએ અને આથી જ આપણે નિર્બળ દેખાઇએ છીએ.

પ. પૂ. આચાર્ય દેવેશ શ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજીએ આવતીકાલના એંધાણ ઓળખી લીધા હતા. આજના યુગની એમણે ઝાંખી કરી લીધી હતી અને એમણે યુગકાલીન સાહિત્યનું સર્જન કર્યું, અને એ સાહિત્યને અમારે ઘેર ઘેર પહોંચતુ કરવું છે કારણ એ યુગનું વિધાન છે..! કવિશ્રી નાનાલાલે જેમની આનંદઘનજી મહારાજ સાથે સરખામણી કરી છે એવા કર્મયોગી અવધૂતનું એમાં જીવન દર્શન છે અને આજે જરૂર છે ચારિત્ર્યના ચણતરની. રસ અને આનંદ એકલાજ બસ નથી, સત્વ ને તત્ત્વની પણ જરૂર છે.... અનિવાર્ય જરૂર છે કારણ આજના માનવીએ સાત્વિકતા ગુમાવી છે

....અને બુદ્ધિપ્રભા આ અંકથી તેઓશ્રીના કવનથી સભર એવા બે થી ત્રણ પાના નીયમિત આપશે, જેમાં સત્ત્વ ને તત્વ, રસ અને આનંદ બધુજ હશે.

અમો આશા સાથે વિરમીયે છીએ કે વાચક વર્ગ અમારી આ ભાવનાને વધાવશે.

—તંત્રીઓ

# કર્મની સત્તા—

કર્મની સત્તાનું પ્રતિપાદન જ્ઞાનીઓએ ગ્રંથોમાં કર્યું છે. તે કર્મ આઠ પ્રકારના છે. ૧ જ્ઞાનાવરણીય ૨ દર્શનાવરણીય ૩ વેદનીય. ૪ મોહનીય. ૫ આયુષ્ય ૬ નામ, ૭ ગોત્ર, ૮ અંતરાય.

૧. જ્ઞાનાવરણીય કર્મથી આત્માને વિષે પાંચ પ્રકારના જ્ઞાનનું આચ્છાદન થાય છે જ્ઞાનાવરણીય કર્મનો સર્વથા નાશ થવાથી કેવળ જ્ઞાન ઉત્પન્ન થાય છે તેથી લોકાલોકમાં રહેલા સકળ પદાર્થનું યથાર્થ સ્વરૂપ ભાસે છે. કેવળ જ્ઞાન કદી નાશ પામતું નથી કેવળજ્ઞાન થયા બાદ સંસારમાં ભટકવાનું રહેતું નથી

૨. દર્શનાવરણીય કર્મના ક્ષયથી આત્માનો સામાન્ય ઉપયોગ ઉત્પન્ન થાય છે આત્માના વિશેષ ઉપયોગનું નામ જ્ઞાન છે અને સામાન્ય ઉપયોગનું નામ દર્શન છે.

૩. વેદનીય કર્મ શાતા અશાતારૂપ છે. પુણ્યનાં દળીયાં આત્માની સાથે લાગે છે તેનું વેદવું તે શાતા જાણવી અને પાપનાં દળીયાં આત્માની સાથે લાગે છે તેનું ઉદયે ભોગવવું તે અશાતા વેદનીયકર્મ જાણવું જગતમાં કોઈ અનેક પ્રકારના ભોગો ભોગવે છે, અને કોઈ દુઃખમાં દિવસ ગાળે છે. કોઇ શરીરે સુખી રહે છે અને કોઇને શરીરે ક્ષય, દમ, ખાંસી, ઉધરસ, ગડગુમડ ભગંદર, તાવ, પક્ષઘાત વિગેરે અનેક પ્રકારના રોગોનું ઉત્પન્ન થવું થાય છે તેનું વેદવું તે અશાતા વેદનીયકર્મ જાણવું. પશુ, પંખી, જળચર મનુષ્યોની દયા ચાકરી કરવાથી પુણ્ય બંધાય છે. વળી તેમજ કોઇ જીવને કોઈ મારી નાખે તેને બચાવ્યાથી તેમજ ભુખ્યાને અન્ન આપવાથી તેમજ તરસ્યાને પાણી પાવાથી તેમજ રોગથી પીડાતાને દવા આપવાથી પુણ્ય થાય છે. તેમ મુનિરાજને આહાર, વસ્ત્ર, પાત્ર રહેવાનું સ્થાન આપવાથી સર્વ કરતાં અનંત ગણું વિશેષ પુણ્ય થાય છે. વળી તેમજ સાધ્વીને પણ આહાર, વસ્ત્ર, પાત્ર વસતિ આપવાથી વિશેષ પુણ્ય બંધાય છે તેમજ ઘોડાં ઢોરોની સાર સંભાળ લેવાથી પુણ્ય બંધાય છે. સાધુ સાધ્વી પ્રમુખને અનેક પ્રકારના ગ્રંથો પુસ્તકો લખાવી આપવાથી પુણ્ય બંધ થાય છે વળી તેમજ માબાપ વિનાનાં છોકરાંને વિદ્યાદાન આપવાથી પુણ્ય બંધ થાય છે વળી તેમાં યાદ રાખવું કે જે તે કાર્ય કરે પણ ભાવના સારી રહેવી જોઇએ. ધર્મનાં કાર્ય કરીને એમ ચિંતવે કે અરે ! મેં નકામા રૂપીઆ ખર્ચી નાખ્યા વા ખોટી મહેનત કરી મનમાં પશ્ચાતાપ કરે તો પુણ્ય બંધ બરાબર થતો નથી મનોબળ એકસરખું રહેવું જોઇએ જે આ દૃષ્ટાંત જાણવાથી ખ્યાલ આવશે. એક ગૃહસ્થ શેઠને ઘેર એક મુનિરાજ ભોજનપાણી વહોરવા પધાર્યા, ત્યારે શેઠને મનમાં ખુબ ભક્તિભાવ ઉત્પન્ન થયો તે મુનિરાજને વાઢીથી ઘી (ઘૃત) વહોરાવવા લાગ્યો. વહોરાવતાં મુનિરાજના પાત્રમાં ઘીની ધારા અખંડ પડવા લાગી, મુનિરાજે તેનો સારો ભાવ જોઇ પાત્ર લઈ લીધું નહિ મનમાં એમ વિચાર્યું કે જો હું પાત્ર લઇ લઇશ તો આ શેઠના પરિણામની ધારા તુટી જશે, એમ ધારી ઘીની ધારા પાત્રમાં પડવા દીધી થોડી વારમાં પાત્ર ભરાઈ ગયું શેઠે પાત્રમાં ખુબ ઘી પડેલું જોઇ વિચાર્યું કે અરે આટલું ઘી સાધુના પાત્રમાં પડેલું છે તેને સાધુ શું કરશે ? અરે આ તો લોભી જેવા જણાય છે. એમ તેના મનનો વિચાર મુનિવરે જાણ્યો એટલે તુરત મુનિરાજે ઘી વહોરવું બંધ કર્યું અને શેઠને કહ્યું કે હવે બસ થયું શેઠે કહ્યું કેમ ગુરુદેવ! ત્યારે મુનિરાજે કહ્યું તારા પરિણામની ધારા સારી હતી તે તુટી એટલે મેં પાત્રુ લઇ લીધું. મેં પાત્રુ વિશેષ સમય સુધી રાખ્યું હતું તેનું કારણ એજ હતું કે તારી સારી પરિણામની ધારા તુટી ના જાય. શેઠે સર્વ વાત કબુલ કરી અને કહ્યું કે હે ગુરુજી! હવે ફરીથી વહોરાવું. ત્યારે મુનીવરા હવે તેરી પરિણામની ધારા થાય નહીં અને મારે કંઇ વહોરવાનો ખપ નથી ફક્ત વિશેષ ઘી લીધું તે પણ તને ફાયદો જાણી લીધું છે એમ કહી મુનિશ્વર ચાલતા થયા. આ દૃષ્ટાંત ઉપરથી સાર લેવાનો કે કોઇ વખત પુણ્યના કાર્ય કરતાં આપણે સામા

ધણી ઉપર વહેમ લાવીએ છીએ, પરંતુ જેવી પરિણામની ધારા તેવું ફળ થાય છે. અન્ય કોઇ મહાત્મા સત્પાત્ર હોય અને તેમના ભણી જો આપણે ગેરવર્તણુકથી વર્તીએ અને તે કદાપિ આપણા ઘેર આવ્યા ત્યારે મનમાં એમ ચિંતવ્યું કે આ તો મહાત્મા ઠીક નથી, પણ વહોરાવ્યા વિના છુટકો નથી એમ ધારી વહોરાવે તો તેને પુણ્યનો બંધ, પરિણામ વિના શી રીતે યથાયોગ્ય થઇ શકે ? જેમ મંત્ર જે છે તે શ્રદ્ધા (આસ્તા) તથા ગુરૂગમ વિધિ વિના બરાબર ફળ આપી શકતો નથી, તેમ દરેક પુણ્યનાં કાર્ય સારા પરિણામ વિના ફળ આપી શકતાં નથી. કેટલાક તો કીર્તિના ભીખારી કે જે પોતે જે જે સારાં કાર્ય કર્યાં હોય છે તે તે બીજાઓની આગળ બડાઇથી કહી બતાવે છે. તે બડાઇ હાંકવામાં સાર એ રહ્યો હોય છે કે મારી સર્વ લોકો કીર્તિ કરે, અને સર્વ લોકોમાં નાત જાતમાં મોટો કહેવાઉં. આમ વિચાર મનમાં લાવ્યાથી બરાબર પુણ્ય બાંધી શકતા નથી. જેમ ઘઉં જવ ઉગીને મોટા થયા હોય અને પાકવાની તૈયારીમાં હોય, એટલામાં જો જબરૂં હિમ પડે તો ઘઉં, જવ બળી જાય છે. અને બરાબર પાક થતો નથી. તેમ પુણ્યના કાર્યમાં પણ સમજવું. શ્રી ઋષભદેવ સ્વામીએ પૂર્વભવમાં ફક્ત સાધુને ઉત્તમ ભાવથી ઘી વહોરાવી તીર્થંકર ગોત્ર બાંધ્યું, અહો તેમના કેવાં પરિણામ ? પરિણામે બંધ એ વાત ખરી છે. શ્રી શાંતિનાથના જીવે પૂર્વભવમાં જીવદયાની ટેકથી ઉત્તમ ભાવનાએ ચઢતાં તીર્થંકર પદવી બાંધી કોઇએ વૈયાવચ્ચ કરવા રૂપ સારાં પરિણામથી તીર્થંકર નામ ઉપાર્જ્યું. જુઓ દ્રષ્ટાંત... જેમ સંપ્રતિ રાજાના જીવે પૂર્વભવમાં ભિક્ષુક મટી સાધુ થતાં મરતી વખતે ઉત્તમ ભાવનાં લાવી તેથી તે મરી કુણાલ રાજાને ત્યાં સંપ્રતિ તરીકે ઉત્પન્ન થયો. આપણી પાસે અનેક શક્તિઓ છે પણ તેને જાણતા નથી, તેમજ જાણીને કેમ વાપરવી તેની રીત પણ જાણતા નથી તેથી માનવભવમાં મળેલી શક્તિઓ આયુષ્ય ખુટતાં પાછી પરભવમાં મળતી નથી. તમે વિચાર કરો કે કુમારપાળ રાજાના જીવે પૂર્વભવમાં શું મોટું ધર્મ કર્મ કર્યું હતું ? કથાકોષ નામનો ગ્રંથ જોતાં માલુમ પડે છે કે કુમારપાળે સત્ય ભાવનાથી અને ચોખ્ખા દીલથી પરમેશ્વરની પુલથી પૂજા કરી અને એવું પુણ્ય સંપાદન કર્યું કે કુમારપાળ રાજા તરીકે ઉત્પન્ન થયા. દુનિયામાં જે પ્રાણીઓ સુખને ભોગવતા જણાય છે તે સર્વે પૂર્વભવના પુણ્ય જાણવા.

સારી વા નઠારી ક્રિયાઓ નિષ્ફળ જતી નથી માટે દરેક મનુષ્યે મન, વચન અને કાયાથી સારી ક્રિયાઓ કરવી, ના કરે તેને કોઇ પકડી બાંધતું નથી કહેનાર કહી જાણે છે વર્તવું પોતાના હાથમાં છે. વાંચનાર તો ઘણાં છે પણ તેનો અર્થ ગ્રહણ કરનારા થોડા છે. મનના જેટલા ખોટા ભાવથી ચિંતન થાય છે તેટલું પાપકર્મ બંધાય છે. કોઇનું બુરૂ મનથી ચિંતવીએ અને તે માણસનું બુરૂં ના થાય તોપણ બુરૂં ચિંતવનારને કર્મનો બંધ થાય છે કોઇને સુખનાં સાધનો આપણે આપીએ છીએ તો તેથી વિશેષ સુખના ભાગીદાર આપણે પરભવમાં બનીએ છીએ '**यादृशी मति तादृशी गति**' જેવી મતિ તેવી ગતિ થાય છે. કહેવત છે કે જ્યારે ઘો મરવાની થાય ત્યારે વાઘરીવાડે જાય આપણું જ્યારે નઠારૂં થવાનું હોય છે ત્યારે એકદમ સારા વિચારો પણ ફરી જાય છે. સંતપુરૂષોની શુભ શિખામણો પણ ઝેર જેવી લાગે છે અને તેની વર્તણુક પણ ફરી જાય છે સારૂ થવાનું હોય ત્યારે બુદ્ધિ પણ સારી થાય છે અને ધર્મ પ્રત્યેની આસ્થા વધે છે તેમ ઉત્તમ પુરૂષોના માર્ગે પ્રસ્થાન કરવાનું મન થાય છે અને ઉદ્યોગ તથા સંપ તથા ધર્મની બુદ્ધિ થાય છે કોઇ એક ગરીબનો છોકરો હતો તે દુઃખમાં દિવસ ગાળતો હતો. એક દિવસ તેના મનમાં વિચાર થયો આ દુનિયામાં કેટલાક લોકો મનગમતાં ભોજન કરે છે, સુંદર સ્ત્રીઓ પરણે છે, લાખો કરોડો રુપીઆના માલિક બને છે, અને સુખમાં દિવસ ગાળે છે, પાણી માગતાં તેમને દુધ આવીને મળે છે. અને મને તો પુરેપુરુ ખાવાનું પણ મળતું નથી, સુકા રોટલાના પણ સાસાં થાય છે, શરીર ઉપર વસ્ત્ર પણ પુરતું પહેરવા નથી હવે

હું કંઇ સારૂં કામ કરૂં તો પુણ્ય થાય તેથી સુખી થાઉં એમ વિચારી વગડામાં ગયો

ત્યાં એક હરણિના બચ્ચાની પાછળ કુતરૂં દોડયું અને હરણિનું બચ્ચુ નાસીને પેલા ભિખારીના સામું આવ્યું આ ભિખારીને દયા ઉત્પન્ન થઇ અને તેને એકદમ ઝાલી લીધું અને આશ્વાસન આપ્યું એટલામાં બચ્ચાના વિયોગથી દુઃખી થએલી એવી હરિણી તેની શોધ કરતી ત્યાં આવી ત્યારે ભિખારીએ પ્રેમપૂર્વક બચ્ચા ઉપર હાથ ફેરવી કહ્યું કે મારા વ્હાલા બચ્ચા, તારો હું શું ઉપકાર કરૂં, તને શું ખાવા આપું, તને શાંતિ શી રીતે આપું એમ દયાના પ્રેમભાવથી રડી પડયો અને તેને બે ચાર બચ્ચીઓ કરી તેની મા આગળ છોડી મુકયું. તેની મા જાણે નવો અવતાર પામી ન હોય એમ ખુશી થવા લાગી અને બચ્ચુ પણ ખૂબ આનંદ પામ્યું. બચ્ચાની માએ આકાશ સામું મુખ કરી આ ભિખારીને ખરા જીગરથી આશિષ આપી. હવે પેલો ભિખારી ત્યાંથી આગળ ચાલ્યો તો એક નાના ઝાડ ઉપર બેઠેલાં પંખીઓને પારધીઓએ પકડયાં હતાં તે યુક્તિથી છોડાવ્યાં. પંખીઓએ આ ભિખારીને ખુબ આશિષ આપી. ભિખારી પણ હરખાવા લાગ્યો અને મનમાં ચિંતવવા લાગ્યો કે મેં દુનિયામાં જન્મીને આટલું ધર્મનું કામ કર્યું. વળી તે ભિખારી આગળ ચાલ્યો ચાલતાં ચાલતાં એક સરોવર પાસે ઝાડની નીચે એક મોતીનો હાર પડેલો તેણે દીઠો તેણે મનમાં વિચાર કર્યો કે આ મોતીનો હાર મારો નથી કોણ જાણે કોનો હશે, ચાલ ગમે તે હોય પણ આ નગરીના રાજા પાસે લઇ જાઉં અને ખરી હકીકત કહું તો જેનો હશે તેને રાજા સોંપી દેશે તો મને પુણ્ય થશે. એમ વિચારી તે નગરીના રાજાની પાસે હાર લઇ ગયો. રાજાને ત્યાં શું બન્યું કે રાજાનો પુત્ર વગડામાં ફરવા નીકળ્યો હતો તે એજ સરોવર પાસે ઝાડ તળે શ્રમથી સુઇ રહ્યો હતો તે ત્યાં હાર વિસરી ગયો હતો. ભીખારીની પાસેથી રાજાએ હાર લીધો. એવામાં રાજાનો પુત્ર આવ્યો જેણે પોતાનો હાર ઓળખ્યો અને સર્વ હકીકત કહી. રાજા ખુશી થયો અને ભિખારીને કહ્યું કે હું તારા ઉપર પ્રસન્ન થયો છું માટે તારે જે માગવું હોય તે માગ. ત્યારે ભીખારીએ વિચાર કીધો કે હું શું માગું ! મારૂં પુણ્ય હશે તો સર્વ આવી મળશે માગ્યાથી મળશે તે કયાં સુધી રહેશે. એમ વિચારી રાજાને કહ્યું કે સાહેબ મને પુણ્ય થાય તે રસ્તે લગાડો. એ સિવાય મારે કશું જોઇતું નથી. રાજાએ આ ભીખારીની નિઃસ્પૃહતા જોઇ તેને એક સારૂં ઘર રહેવા આપ્યું અને તેને ખાવાનો બંદોબસ્ત કરી આપ્યો. ભીખારી મનમાં સમજવા લાગ્યો કે પેલા હરણિના બચ્ચાને બચાવ્યું તેનું આ ફળ થયું. અહો આપણે જેવું વાવીએ તેવું લણીએ એ ખરી વાત છે, " જેવી કરણી તેવી પાર ઉતરણી " આ નાની સરખી શિખામણ સર્વ શાસ્ત્રનો સાર છે. એરંડા વાવીને એમ આશા રાખીએ કે હવે આપણે કેરીઓ ખાઇશું તો એ આશા જેમ નિરર્થક છે, વિષ ભક્ષણ કર્યાથી જીવવાની આશા કરવી વ્યર્થ છે, તેમ ખોટા કર્મ કરીને સારા ફળની ઇચ્છા રાખવી તે પણ ખોટી છે. એક નાનું સરખું દૃષ્ટાંત સમજવાને માટે કહું છું કે કપાસનું બીજ હોય તેને લાક્ષા રંગની ભાવના દઇ વાવીએ તો તે કપાસથી ઉત્પન્ન થનાર જીંડવામાં જે રૂ થશે તે લાલ રંગનું થશે. કહો લાક્ષા રંગની ભાવના રૂમાં કેવી રીતે ગઇ તે સુક્ષ્મ બુદ્ધિ વિના સમજાતું નથી તેમજ આ ભવમાં જે કર્મ કરવા પડે છે તેના વિપાકો પરભવમાં ભોગવવા પડે છે. સારાં નરસાં જે જે કર્મ કરીએ છીએ તેનું ફળ ભોગવવું પડે છે તે મૂઢ પુરૂષથી સમજાતું નથી પણ સારી બુદ્ધિવાળા પુરૂષો તરત સમજી શકે છે.

# મૂર્તિપૂજાનું વૈજ્ઞાનિક રહસ્ય (મણકો ૨)

લેખકઃ— પંડિત વસિષ્ઠજી યાજ્ઞિક – હળવદકર

મૂર્તિપૂજાના પ્રતિપાદન માટે ઘણું જ શિષ્ટ સાહિત્ય પ્રસિધ્ધ થયું છે. તેમજ જગતના વિચારશીલ માનવ સમુદાયમાં મૂર્તિપૂજાના અસ્તિત્વ માટે આજે કોઈ પ્રકારની શંકા પણ નથી જ. થોડા સમય પૂર્વે જામનગરમાં મહાત્મા શ્રી કબીર સાહેબના મંદિરમાં મહંત શ્રી શાંતિદાસજી સંત સાથે જવાનો પ્રસંગ મળ્યો હતો, ત્યારે મંદિરમાં શ્રી કબીર સાહેબની પ્રતિમાની આરતી થતી જોઈ મને મૂર્તિપૂજાનો વિરોધ કરનારા એકાદ બે કબીર સંપ્રદાયના અનુયાયીઓ યાદ આવ્યા અને મને વિશેષ આનંદ એ થયો કે શ્રી કબીર સાહેબના સિધ્ધાંતના ઉપાસક વિદ્વાન સંત સંચાલીત કબીરજીની જગ્યામાં મૂર્તિ તેમજ તેની આરતી થાય છે. આ સ્થળે એટલું જ સ્મરણ કરાવવાનું કે ભૂતપૂર્વ મહાપુરુષોનાં સૂક્ષ્મ વિચારો અને આશયોને સમજ્યા વિના કેટલાક મૂર્તિપૂજાનો વિરોધ કરનારા ભાઈઓ તર્ક, વિતર્ક, કુતર્ક અને શંકાઓ કરે છે, પણ શાસ્ત્રો અને ભૂતપૂર્વના અતંતજ્ઞાની આત્માઓ કહે છે કે શંકા અને તર્કમાં પણ ઉત્તમ મધ્યમ અને કનિષ્ટ એવા ત્રણ પ્રકારના ભેદ હોય છે. શાસ્ત્રના અભ્યાસ વિના અને સંતપુરુષોનો સત્સંગ કર્યો વિના જે કાંઇ તર્ક, શંકાઓ કરવામાં આવે તે પોતાના જીવનના પતનમાં સહાયક નીવડે છે. માટે મૂર્તિપૂજાના વૈજ્ઞાનિક રહસ્યને નહીં સમજનારા મિત્રોના સમાધાન માટે આ લેખવાળામાં કેવળ શાસ્ત્રના શબ્દ પ્રમાણના શબ્દ સાથિયા નહીં પૂરતા ક્રમશઃ તર્ક વિતર્ક કુતર્ક શંકાઓનું બુદ્ધિગમ્ય સમાધાન કરીશું, અને તે પછી શાસ્ત્રપ્રમાણ કે જે મૂર્તિપૂજાના પક્ષમાં હોય છે, તેજ શાસ્ત્ર વચનનો મૂર્તિપૂજાનો વિરોધ કરનારા કેવો વિપરીત અર્થ કરે છે તે પણ જણાવીશું. છેવટે આજના વિજ્ઞાનયુગને અનુકૂળ કે જેઓ શાસ્ત્રના શબ્દને સ્વીકારવા તૈયાર નથી, પણ કેવળ વિજ્ઞાનસિદ્ધ વસ્તુનોજ સ્વીકાર કરવાની શ્રદ્ધા ધરાવનારા જીવો છે તેના માટે અમે આ લેખમાં પુષ્કળ સામગ્રી આપીશું.

હવે મૂર્તિપૂજાના સંબંધમાં જિજ્ઞાસુ ભાવનાથી તર્ક કરવો તે શાસ્ત્રને માન્ય છે, પરંતુ "હેત્વાભાસ કુતર્ક" અર્થાત વેદશાસ્ત્ર વિરુદ્ધ તર્કવાદ આસ્તિક જગતને માન્ય નથી. મનુમહારાજની આજ્ઞા છે કેઃ—

**आर्षं धर्मोपदेशं च वेदशास्त्राऽविरोधिना ।**
**यस्तर्केणानुसंधत्ते स धर्मं वेद नेतरः ॥**

આ સ્થળે કલ્લુક ભટ્ટ ટીકાકાર જણાવે છે કેઃ—

**ऋषिदृष्टत्वादार्षं धर्मोपदेशं च तन्मूल-स्मृत्यादिकं यस्तदविरुद्धेन मीमांसादिन्यायेन विचारयति स धर्मं जानाति न तु मिमांसानभिज्ञः**

વેદશાસ્ત્રથી અવિરોધી તર્ક કરવાની વેદ આજ્ઞા આપે છે. વેદ પોતેજ તર્ક, દલીલ તથા શાસ્ત્રાર્થ કરવાની આજ્ઞા આપે છે.

**संगच्छध्वं संवदध्वं संवोमनांसि जानताम् ।**
**देवा भागं यथापूर्वे संजानाना उपासते ॥**
(ऋग्वेद)

હે મનુષ્યો! તમે ધર્મની પ્રાપ્તિ માટે એકઠા થઈને સંવાદ કરો, જે વડે સત્ય અને ધર્મને જાણી શકો અને તમારું મન વિજ્ઞાનયુકત થઈ જાય. જેવી રીતે તમારા અધ્યાપક લોક ધર્મનું સેવન કરીને રહે છે, તેમ તમે કરો. આજે તો મૂર્તિપૂજાનો વિરોધ કરનારા પાસે વાસ્તવિક શબ્દપ્રમાણ સામગ્રી નથી પણ બનાવટી શ્લોકો જેવા કેઃ—

**रविवार संडेच फाल्गुने चैव फर्वरी ।**
**षष्टिश्च सिक्सटी ज्ञेया तदुदाहरण मीदृशं ॥**
રવિવારને સનડે, ફાલ્ગુન માસને ફેબ્રુઆરી, તથા સાઠને સીક્ષટી જાણવું. આવા શ્લોકો છે. આપણે આરી બાબતથી દુર રહી મૂળ સિદ્ધાંતની વાત પર આવીએ.

(૧) મૂર્તિપૂજાના વિરોધમાં એક શંકા એવી કરે છે કે:— ઇશ્વર નિરાકાર છે તેનો આકાર શું? નિરાકારની મૂર્તિ થઇ શકે જ નહીં અને તેમ કરવાની જરૂર નથી એક ઉદાહરણ અત્રે આવશ્યક છે તે એજ કે નિશાળમાં ભણુતા એક વિદ્યાર્થીને શિક્ષકે એક હિસાબ લખાવ્યો કે ૨૨૫-બસો પચીસમાંથી ૨૨૫-બસો પચીસ બાદ કરો. વિદ્યાર્થીએ બાદબાકી કરી ૨૨૫ − ૨૨૫ = ૦૦૦ જવાબ લખ્યો. શિક્ષકે પુછ્યું કે બાદ કરતાં શું વધ્યું છે? કાંઇ નથી વધ્યું તેમ જવાબ વિદ્યાર્થીએ આપ્યો ત્યારે શિક્ષક કહે છે કે તમે જુઠું બોલો છો કાંઇક તો જરૂર રહેજ! વિદ્યાર્થી કહે કે ત્રણ મીંડાં છે તેનો અર્થ એ કે કાંઇ નથી વધ્યુ. આ કથનમાં ગંભીર આશય રહેલો છે, લક્ષપુર્વક વિચાર કરીશું તો જણાશે કે જે મુળમાં કાંઇ નથી વધ્યુ તેને બતાવવા માટે પણ મીંડારૂપે ચિન્હ કરેલ છે, તો ઇશ્વિર નિરાકાર પણ હોય તો જે વસ્તુ છે તેને માટે તો કાંઇક પણુ ચિન્હ અવસ્ય હોવું જ જોઇએ જેઓ તદ્દન નાસ્તિક છે અને ઇશ્વરના અસ્તિત્વનો જ ઇનકાર કરે છે, તેને પણ કોઇ એક પદાર્થની શકિતને માનવીજ પડે છે. બીજા દ્રષ્ટાંતથી તિરસ્કારવાદીને સમજાવીએ:— કે તમે અંતર્મુખ વૃત્તિને કેળવી નથી તેથી જોઇ શકતા નથી, ને વસ્તુ આકાર રહિત માનો છો, પણ જે આત્માને પ્રભુના આકારને જોઇ શકયા છે.

એક શિક્ષક ઉચ્ચ કલાસના વિદ્યાર્થી પાસે ભૂમિતિનું પ્રથમ સુત્ર શીખવે છે કે "બિંદૂ તેને કહેવાય કે જેને લંબાઇ તથા પહોળાઇ હોય નહીં"

Point is that which has no langthor breadth મતલબ કે ઉપર પ્રમાણે શિક્ષક વિદ્યાર્થીને ભૂમિતિનો સિદ્ધાંત સમજાવતા ચાક વડે પાટિયા ઉપર ચિન્હ કરે અને કહે છે કે જુઓ બિંદૂ... છે, આ પ્રમાણે જોઇને બુદ્ધિમાન વિદ્યાર્થી તર્કપૂર્વકની શંકા કરે છે કે ગુરૂજી આપે જે બિંદૂની વ્યાખ્યા કરી તે બરાબર નથી આપે કહ્યું કે "બિંદૂ તે કહેવાય કે જેને લંબાઇ કે પહોળાઇ ન હોય" ત્યારે આ ચિન્હ જે આપે બિંદૂ તરીકે ચોકથી કરેલ છે તેને તો લંબાઇ અને પહોળાઇ બન્ને છે ગમે તેટલું નાનું ચિહ્ન હોય તો પણ તેને લંબાઇ અને પહોળાઇ ન્યુનપણે પણ હોય છે આ ચિહ્ન બિંદુ તેને માઇક્રોસ્કોપ સુક્ષ્મદર્શક યંત્રથી જોવામાં આવે તો તેટલા બિંદુમાં હિંદનો નકશો ચિતરી શકાય એટલી જગ્યા દેખાશે માટે આપે બિંદુની જે વ્યાખ્યા આપી છે તે યથાર્થ નથી આ વાત સાંભળી શિક્ષક પ્રસન્ન થયા કે આ વિદ્યાર્થીની બુદ્ધિમાં જાગ્રતાવસ્થા છે. જેને બુદ્ધિયોગ કહેવામાં આવે છે જેને પ્રભુકૃપાથી બુદ્ધિયોગ પ્રાપ્ત થયો હોય તેવા આત્માઓ શાસ્ત્રની વાતોને જાણી શકે છે. આ સ્થળે શિક્ષક યથાર્થ વાત સમજાવે છે કે વ્યાખ્યા પ્રમાણે જોતાં તો બિંદુ આપણી કલ્પનામાં આવી ન શકે તેવું છે પરંતુ તેનું સ્થળ પ્રત્યક્ષ લીધા સિવાય કોઇને કોઇ દષ્ટીએ આવી શકે તેવી વસ્તુની આવશ્યકતા છે અને તે કારણુથી જ આ પ્રમાણે બિંદુની આકૃતિ પ્રત્યક્ષ કરવામાં આવી છે વળી એવાં બિંદુઓના સમુહથીજ માનવ પ્રાણી પોતે અને જગત મૂર્તિ પદાર્થ છે માટે મૂર્ત પદાર્થથીજ ઇષ્ટ સિદ્ધિ છે. શંકા કરનાર બીજી શંકા એ કરે છે કે ઇશ્વર સર્વવ્યાપક છે સર્વમાં વ્યાપી રહેલા ઇશ્વરની મૂર્તિ શી રીતે હોઇ શકે? તેમજ તેની મૂર્તિ શા માટે જોઇએ?

સમાધાન માટે કહી શકાય કે દુધમાં ઘી વ્યાપક પણે હોવા છતાંય પુરી તપાસી હોય તો ઘીને દુધમાંથી જુદું પાડીને કરી શકાશે, ગાયના શરીરમાં દુધ છે તેમાં ઘી પણ છે. કુતર્ક કરનારા કહેશે કે ગાયના શરીરમાં ઘી છે આપણે એક દષ્ટાંત આપી સમજાવીશું કે એક કૃપણુ માણસની ગાય બિમાર પડી છે તેને પશુવૈદે ઉપાય બતાવ્યો કે મરી તોલો ૦૧ પીપર તોલો ૦૧ ગોળ

તોલો ૧ તથા ઘી તોલા ૧૦ તમામ મિશ્રણ કરી ગાયને ખવરાવશો એટલે ગાય સારી થઈ જશે.

ગાયનો માલિક સ્થૂલ બુદ્ધિનો અને સાથે કૃપણ હતો તેથી મરી, પીપર, ગોળ તમામ એકઠાં કરી પોતાના નોકરને આજ્ઞા આપી કે ગાયને આ ઔષધ ખવરાવી દે નોકરે જવાબ આપતા જણાવ્યુ કે આ દવા સાથે ઘી જોઇએ તે નથી તો ઘી મેળવ્યા વિના દવા અપાય નહિ ત્યારે ગાયનો માલીક કહે છે કે " ઘી તો ગાયના શરીરમાં છે (દુધ છે અને તેમાં ઘી છે જ) આજે ગાયને મેં દોહી નથી તેથી તેના શરીરમાં રહેલું દુધ છે તેમાંથી ઘી આવી જશે નોકરે જણાવ્યું કે શેઠ આ રીતે ગાયના શરીર માંહેના દુધમાં રહેલા વ્યાપક ઘીથી ગાયનું હિત થઇ શકે નહિ.

આ સ્થળે મહાભારત વનપર્વનું સ્મરણ થાય છે કેઃ—

**गवां सर्पिः शरीरस्थं न करोत्यंगपोषणं**
**पृथग्भूतं महाराज पुनस्तस्यैव भेषजं**
**एवं सर्वविश्वस्य सपिर्वत् परमेश्वरः**
**विना चोपासनादेव न करोति हितं नृषु**

ગાયના શરીરમાં રહેલું ઘી કદી અંગપોષણ કરી શકતું નથી ઘીને તેમાંથી પૃથક કરીને ઔષધ તરીકે વાપરી શકાય તેવી જ રીતે પરમેશ્વર પણ સમગ્ર વિશ્વમાં વ્યાપક છે પરંતુ તેની ઉપાસના મૂર્તિ કરીને કરવી જોઇએ. તેવી જ રીતે લાકડામાં અગ્નિ વ્યાપકરૂપે રહેલો છે પરંતુ જ્યાં સુધી તેમાંથી અગ્નિ પ્રત્યક્ષ પ્રગટ કરવામાં ન આવે ત્યાં સુધી રસોઇ વગેરે કોઇ પણ અગ્નિ દ્વારા થતા કાર્યો માત્ર વ્યાપક અગ્નિ વડે સિદ્ધ થઇ શકે જ નહિ તેવી જ રીતે વ્યાપક પરમેશ્વરની ઉપાસના કરવી અશક્ય હોવાથી મૂર્તિની આવશ્યકતા છે. (ક્રમશઃ)

# શાશ્વત સુખનો ધોરીમાર્ગ

: લેખક :
પ. પૂ. મુનિશ્રી ત્રૈલોક્યસાગરજી મહારાજ

( ગતાંકથી ચાલુ )

**जिनेन्द्रपूजा गुरुपर्युपास्तिः, सत्वानुकम्पा शुभपात्रदानं ।**
**गुणानुरागः श्रुतिरागमस्य, नृजन्मवृक्षस्यफलान्यमूनि.॥**

**(૧) ભગવાનની પૂજાઃ—**

રાગદ્વેષ વિના જીનેશ્વરની પૂજા તે પૂજા. દ્રવ્યથી અને ભાવથી બે પ્રકારે છે. દ્રવ્યથી આઠ પ્રકારે— **જળ, ચંદન, પુષ્પ, ધુપ, દીપ, અક્ષત** (ચોખા) **નૈવેદ્ય** અને **ફળપૂજા** આ પૂજાથી ઉત્કૃષ્ટ બારમા અચ્યુત દેવલોક સુધી પ્રાણી જાય છે અને ભાવપુજા ભગવાનની સ્તુતિ ગુણગાન કરવા તે આલોક પરલોકની ઇચ્છા રહિત વિધિયુક્ત શુદ્ધ ભાવનાથી એકચિત્તે ઉલ્લાસ પુર્વક કરવામાં આવે તો ઉત્કૃષ્ટ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ નગરીને પ્રાપ્ત કરે.

**(૨) ગુરૂની ઉપાસનાઃ—**

હિંસાના ત્યાગી, અસત્ય ન બોલનાર, કોઈની આજ્ઞા વિના ઘાસની સળી પણ ન લેનાર, સ્ત્રીને સ્પર્શ પણ ન કરનાર, ધનનો ત્યાગ કરનાર, અગ્નિને ન અડકનાર, કાચું પાણી નહિ પીનાર એવા ગુરૂની સેવા ભક્તિ.

**(૩) પ્રાણી ઉપર દયાઃ—**

દરેક પ્રાણીનું દુઃખ જોઇ તન, મન અને ધનથી યથાશક્તિ દુઃખ દૂર કરવું

**(૪) સુપાત્ર દાનઃ—**

પાત્ર ચાર પ્રકારના (૧) મણ પરો ૨૮ નના પાત્ર સરખા, (૨) સાધુ સાધ્વી સોનાના પાત્ર સમાન (૩) સાચા ને સાચુ માનનાર અણુ વ્રતધારી શ્રમણોપાસક, શ્રમણોપાસીકા ચાંદીના પાત્ર

સરખા (૪) સત્ય તેજ સત્ય સ્વીકારનાર શ્રમણોપાસક શ્રમણોપાસિકા તાંબાના પાત્ર સમાન પોતપોતાને યોગ્ય વસ્ત્ર પણ અન્ન દ્રવ્યા આદિ અર્પણ કરવા. (૫) ગુણમાં પ્રીતિ- દરેક પ્રાણીમાં રહેલા દોષ દૂર કરીને ગુણનુંજ વર્ણન કરવું કારણ આપણે સર્વ દોષથી તો મુક્ત છીએ જ કોઇનામાં કોઇ દોષ તો કોઇનામાં કોઇ દોષ, નિર્દોષ તો ભગવાનજ હોઈ શકે (૬) શાસ્ત્રનું શ્રવણ-એટલે ધર્મગુરૂના ઉપદેશનું શ્રવણ કરવું અને મહાપુરૂષોના જીવન ચરિત્રોનાં પુસ્તકોનું વાંચન કરવું આ છ એ મનુષ્ય જન્મરૂપી વૃક્ષનાં ફળો છે. માટે ભવભીરૂપ્રાણી એ યથાશક્તિ છએ કર્તવ્યમાં ઉદ્યમ કરવો જોઇએ જો ઉદ્યમ ન કરવામાં આવે તો કેરી વિનાના આંબાની માફક તેમજ લવણ વિનાના ભોજનની માફક તથા નાક વિનાના મુખની માફક મનુષ્ય જન્મ નિરર્થક છે. દેશના સમાપ્ત થયા બાદ સર્વે પોતપોતાને યોગ્ય નિયમો ગ્રહણ કર્યા રાજાએ પણ સમ્યક્ત્વ સહિત બાર વ્રત અંગીકાર કર્યા. રાજાઆદિ નગરમાં પધાર્યા ન્યાયપૂર્વક રાજ્યનું પાલન કરતાં, મનોરમાએ એક પુત્રરત્નને જન્મ આપ્યો આખા નગરમાં જન્મમહોત્સવ ઉજવાયો ત્યારપછી પુત્રનું નામ દેવસેન રાખવામાં આવ્યું પરોપકારમાં પરાયણ એવા રાજાએ ઝુંપડીની જગ્યાએ એક સુંદર મંદિર બંધાવ્યું તથા દાનશાળા ખોલી અને અતિથિઓને દાન આપવું શરૂ કર્યું એક દિવસે રાજારાણી ઉદ્યાનમાં જઇ રહેલ છે તે સમયે એક કઠિયારો કાષ્ઠનો ભારો લઈ આવતો સામો મળ્યો રાણી તેને દેખીને મૂર્છા ખાઈ પડી ગઇ અને અને જાતિસ્મરણ જ્ઞાન થયું તેથી પોતાના પૂર્વભવને સાક્ષાત્ નજર સમક્ષ દેખ્યો શુદ્ધિ આવ્યા પછી રાજાએ કારણ પૂછ્યું રાણી કહે પૂર્વભવમાં મારાપતિ હતા તેથી આ કઠિયારાને દેખી મૂર્છા આવી હતી. એક વખત અમે બન્ને જંગલમાં લાકડાં લેવા ગયા હતા ત્યાં એક પ્રતિમાને દેખી મેં સ્તુતિ કરી, મારા પતિને જણાવ્યું કે તમો પણ ભગવાનનું ભજન કરો કે જેથી આપણું દુઃખ નાશ થઈ જાય ત્યારે તેમણે આવેશમાં આવી જઈ જવાબ આપ્યો કે અરે અભાગણી પત્થરનાં પુતળાં પુજવાથી દુઃખ નાશ થતું હશે. એમ કહી ભગવાનનો તિરસ્કાર કરી ચાલતા થયા. ત્યાંથી મરણ પામી ભગવાનની ભક્તિના પ્રભાવથી હું આપની રાણી થઇ અને મારા પતિ ભગવાનની આશાતના કરવાથી આવી દુઃખી અવસ્થાને પ્રાપ્ત કરી. આ સાંભળી રાજાએ કઠિયારાને ધર્મમાં જોડવા ઘણું સમજાવ્યો, છતાં માન્યું નહી છેવટે રાજાએ તેને થોડું ધન આપી વિદાય કર્યો, અને રાજા પણ સમભાવને ધારણ કરતો ઉદ્યાનમાં ક્રીડા કરી પાછા ફર્યા. પુત્ર યોગ્ય ઉંમરનો થતાં રાજપુત્રી સાથે લગ્ન કર્યાં. વૈરાગ્ય રંગથી રંગાયેલા એવા રાજાએ પોતાના પુત્ર દેવસેનને ગાદી ઉપર બેસાડી યોગ્ય શીખામણ આપી રાજા અને રાણી બન્ને સંસારનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી નવપૂર્વનો અભ્યાસ કર્યો તથા તપશ્ચર્યા કરી કાયાને સુકાવી તે સાથે સાથે કષાયોને પણ નિર્બળ કરી છેવટે અનશન કરી કાળધર્મ પામી બન્ને પ્રાણત-નામના દશમા દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં દેવપાલ રાજાનો જીવ તીર્થંકર થશે અને મનોરમા રાણીનો જીવ તેમના ગણધર થશે. અંતે મોક્ષ નગરીમાં પ્રવેશ કરી જન્મમરણના દુઃખ ટાળી અખંડ સુખના ભોક્તા થશે. માટે શુદ્ધ ભાવનાથી સંસારની પુદ્‌ગલીક ઇચ્છા વીના કોઇપણ નિયમ પ્રાણના ભોગે પાળવામાં આવે તો આપણે પણ દેવપાલની માફક આલોક અને પરલોકના સુખ ભોગવી અંતે મોક્ષના શાશ્વત શાંતિના ભોગી બનીએ. ૐ શાન્તિઃ— ( સંપૂર્ણ )


## જાહેર ખબરના ભાવો

| પેજ | વાર્ષિક | છમાસિક | ત્રિમાસિક | માસિક |
|---|---|---|---|---|
| ૧ | ૧૨૫ | ૭૫ | ૪૦ | ૧૫ |
| ૦॥ | ૭૫ | ૪૦ | ૨૦ | ૮ |
| ૦। | ૪૦ | ૨૦ | ૧૦ | ૫ |
| ૧/૮ | ૨૫ | ૧૩ | ૭ | ૩ |

ટાઇટલ પેજ તથા અન્ય કંઈપણ માટે
પત્રવ્યવહાર કાર્યાલયના સરનામે કરવો.

# મનન મધુ—

પૂ. પન્યાસજી મહારાજશ્રી કનકવિજય ગણિવર

(કેટલાક વાક્યો એવા મનન-ચિંતનના ગંભીર પરિપાકરૂપે હોય છે કે વાંચનારને વાંચતા કે સાંભળનારને સાંભળતા હૈયા સોંસરવા ઉતરી અદ્ભુત અસર કરનારા હોય છે. તેવા ઉદ્બોધક વાક્યો પૂ પન્યાસજી મહારાજ શ્રી અહીં રજુ કરે છે.)

**પવિત્રતાને** ડગાવે, માનવ મનને પામર તથા પંગુ બનાવે, એ પ્રેમ ન હોય, એ ગણાય કેવળ મનની ચંચળતા કે મોહની મૂઢતા!...

**માનવીનું** મોટું દુશ્મનપણું તેનું અહંપણું છે તે ઘવાતા માનવની મહત્તા ઢંકાઇ જતાં તેની ક્ષુદ્રતા બહાર આવે છે.

**તમારા** જીવનને એવું ભવ્ય બનાવો કે તે ભવ્યતાને શોભાવનારું મૃત્યુ અમર બની જાય.

**કાર્ય** સિદ્ધિનાં ફલો કુરબાનીની વેલ પર પાંગરે છે. એ ભુલશો નહિ.

**વાણી** તો શબ્દોનો વિલાસ માત્ર બની શકે છે પણ એનો સાક્ષાત વિકાસ તો મદ્દવર્તન પર જ આધાર રાખે છે.

**વિશાળ** મહેલોમાં અને ભવ્ય પ્રાસાદોમા મહાલનારાઓના મનની સંકડાશ જોઇને કેટલીએ વખત મનને થઇ આવે છે કે, શું દીવા પાછળ અંધારૂં તે આનું નામ હશે?

**તમારે** દુશ્મન ન હોય એવું જોઇએ છે? તો આટલું કરો, અપકાર કરનાર ઉપર પણ ઉપકાર કરવા તૈયાર બનો.

**સંહાર** કરનાર બલ તે આસુરી શક્તિ છે, સર્જન કે રક્ષણ માટે ઉપયોગમાં આવતી તાકાત એનું જ નામ દૈવી શક્તિ.

**તમારા** સંયમને માપવા માટે તમારી પાસે સુખ આવે છે, અને શક્તિની કસોટી કરવા દુઃખ આવે છે, માનવો! સાવધ રહેજો! રખે ગોથુ ખાઈ જતા.

**એ** સાચો શૂર છે, જેનું હાસ્ય અનેકોનાં આંસુ લૂંછી શકે છે.

**સૌન્દર્ય**-સૌન્દર્યની બૂમો શું મારો છો? સૌન્દર્ય તમારા આત્મામાં પડયું છે જેના ચિત્તમાં સંયમ છે ચક્ષુમાં પવિત્રતા છે અને વાણીમાં માધુર્ય છે તે સંસારમાં ડગલે ને પગલે સૌન્દર્યનાં દર્શન કરી શકે છે.

**યૌવન** નાવને સંસાર સાગરમાં વહેતું મૂકનાર ઓ નવયુવાન! જરાં સંભાળીને આગળ વધજે સંયમ અને સાત્વિકતાના સઢ કે સુકાન વિના તારી નાવને તોફાની ખડકોમાં અથડાઇ જતાં વાર નહિ લાગે!...

# તમે તમારા ડૉકટર બનો-

લેખક : ડૉ. ભોગીલાલ ફકીરચંદ ગાંધી

આપણો સમાજ શારીરિક હાલતમાં ઘણો જ પછાત છે. આરોગ્ય એ સાચું ધન ગણાય પરંતુ આરોગ્યહીન સંતતિ આપણા સમાજને ભાગ્યેજ ભાર રૂપ લેખાય છે.

આણુયુગના જમાનામાં પ્રાચીન ભવ્ય ગૌરવગાથા ગાવાથી વળે તેમ નથી. હવે તો અડીખમ દ્રઢ અને નિરોગી બનીને જૈન સંતાનને ધન કરતા ધાર્મિક અને મુલ્કી આબાદી પ્રાચીનમાં વધારે વહાલી હતી પરંતુ અર્વાચીનમાં છે તે બતાવી આપવું પડશે.



લેખક

સર્વેમાં શ્રેષ્ઠ જ્ઞાનમાં સહુથી વિશેષ આ પૃથ્વી પરની વસ્તીમાં તો મનુષ્યજ છે. સારૂ નરસુ પારખવાની બુદ્ધિ છે. ને લાભ કુદરતથીજ મળેલા છે અને તે આધારે સુખ ને દુઃખ સૃષ્ટિની અંદરના બીજા પ્રાણીઓ કરતાં વધારે અનુભવી શકે છે. એ જ્ઞાન શક્તિનો સદુપયોગ કરવામાં આવે તો તેનું સારૂં પરિણામ આવે છે અને તેજ શક્તિનો દુરુપયોગ કરવામાં આવે તો અનિષ્ટ પરિણામ નીપજે છે. દાખલા તરીકે વધારે સ્વાદિષ્ટ રસોઈ હોય તો યોગ્ય પ્રમાણમાં ખાવામાં આવે તો શરીર સારૂ રહે પરંતુ વધારે પડતુ ખાવામાં આવે તો જરૂર બેચેન અગર માંદા પડવાનાજ આ પ્રમાણે શક્તિનો ઉપયોગ સારી રીતે વાપરનો છે.

કુદરતે જે શક્તિ અને જ્ઞાન આપ્યું તેના પરિણામે મનુષ્ય સર્વથી શ્રેષ્ઠ અને સુખી હોવા જોઇએ તેને બદલે પશુ પંખી વિગેરે પ્રાણીઓથી તંદુરસ્તીમાં દુઃખી કેમ ? શું સમજશક્તિનો દુરુપયોગ કરેલો ગણવો ? આટલું કહેવાની જરૂર એટલાજ માટે કે જ્યારે સમજ શક્તિ વગરના પ્રાણીઓ પોતાની જીંદગી સુખમાં એક સરખી રીતે પુરી કરે છે. ત્યારે મનુષ્ય સર્વમાં શ્રેષ્ઠ પૃથ્વી પર ગણાય તે ભાગ્યેજ તંદુરસ્તી સંપૂર્ણ ભોગવી શકે છે તે દુઃખમય, કંટાળામય જેવું જીવન વિતાવે છે. **એથી વધારે અજાયબ શું !**

પશુ પંખી કુદરતી નિયમને પ્રેરણા બુદ્ધિ વડે અનુસરતા હોવાથી ભાગ્યે જ રોગના ભોગ થાય છે. કદાચ રોગના ભોગ થાય છે તો રોગની નિવૃત્તિ માટે કોઈ દિવસ હિંસક તત્વોથી ભરેલી કે ઝેરી ઔષધો ખાતા નથી કે જેથી એક રોગ મરી બીજા રોગ ઉત્પન્ન થાય તેમ છતાં તેઓ રોગ નિવૃત્ત થાય છે ને તે ટુંક સમયમાં નિરોગીતાને પ્રાપ્ત કરે છે.

વૈદકશાસ્ત્રના ઇતિહાસમાં ડોકીયું કરતા આપણે આપણું માથુ શરમથી નમાવવું પડે છે. વિજ્ઞાનની શોધ કે જે હજારો નિર્દોષ જીવોની હણેલી દવાઓ બનાવેલી વાપરીએ છીએ એટલુંજ નહિ પણ દવાઓ વાપરતા થાકતા નથી. આ જમાનામાં દવાથી જીવવું દવાથીજ શક્તિ મેળવવી આ દુઃખદાયક સ્થિતિ ક્યારે અટકશે. **આરોગ્યતાના સાદા નિયમોની અજ્ઞાનતાનેજ આભારી છેને?**

કુદરતે બક્ષેલાં શુદ્ધ હવાપાણી, પુરતુ અજવાળુ વિગેરેનો સમજપૂર્વક ઉપયોગ કરે, કસરત, સાદો ખોરાક, ઉપવાસ, પ્રાર્થના, ઉપયોગી વસ્તુઓનો બરાબર ઉપયોગ કરવાથી જીવન સુખમય બની શકે છે.

## ક્ષમાયાચના

**કેટલાક અનિવાર્ય સંજોગોને લઈને આ અંક ધાર્યા કરતાં ઘણો મોડો પડયો છે, તો ક્ષમા કરશો. હવે પછી દર મહિનાની ૨૦મી તારીખે 'બુદ્ધિપ્રભા' નીયમીત પ્રગટ થશે.**

—તંત્રીઓ

# યોગીનો આદેશ—

લેખક- મણીલાલ હા. ઉદાણી
એમ. એ. એલએલ. બી. એડવોકેટ
( રાજકોટ )

ખરા યોગીઓ ત્રીકાળદર્શી હોય છે અને તેઓ ભુત, વર્તમાન અને ભવિષ્યકાળને જાણી શકે છે. આ આર્યભૂમિમાં આવા ઘણા યોગી થઇ ગયા છે. અને થોડા વર્ષો પહેલાંજ એક જૈન યોગી થઇ ગયા જેમણે આશરે ૪૫ વર્ષ પહેલાંજ ભવિષ્યવાણી તેમના ભજનમાં કહી હતી અને તે દુનિયા જુએ જાણે તેવી રીતે સાચી પડી છે. જ્યારે રાજાઓ સ્વપ્નામાં પણ માનતા ન હતા કે તેમના રાજ્યો નાબુદ થવાના છે, તે વખતે આ યોગીએ જે ભવિષ્યવાણી કહી હતી તે સાચી પડી છે. કોઇ રાજાઓના રાજ રહ્યા નથી, દેશ સ્વતંત્ર થયો છે. અને હુન્નરકળાનું સામ્રાજ્ય ચાલી રહ્યું છે. એક ખંડમાંથી બીજા ખંડમાં હવાઇ માર્ગે થોડા કલાકમાંજ જઇ શકાય છે અને રેડીયો મારફત આપણે દરેક ખંડની વાતો સાંભળી શકીએ છીએ. હવે તો પ્રભુ મહાવીરના તત્ત્વો જગતમાં જલદી વ્યાપે, જ્ઞાનવીરો અને કર્મવીરો જાગે અને રામરાજ્ય સ્થપાય, લડાઇઓ બંધ થાય, શાંતિની સ્થાપના થાય અને વિશ્વબંધુત્વનું સામ્રાજ્ય થાય તે આપણે ઇચ્છીએ છીએ.

આ આધ્યાત્મ યોગીએ બધા દેશોને માટે જે લખ્યું છે તેમાં જણાવેલું છે કે "હે સત્તાધીકારીઓ ! તમો તમને મળેલી સત્તાનો દુરુપયોગ ન કરો. હૃદયમાં પરમેશ્વરને રાખી વર્તો. પ્રજાના હીતસ્વી બની રાત્રી દિવસ સર્વ લોકોના હીત માટે પ્રવૃતિ કરો. અન્યાય, જુલમ, દંભ, હિંસા, જુઠ વગેરે પાપકર્મોથી દૂર રહો. હે ધનવંતો ! તમારા ધનનો સદ્ઉપયોગ કરો, અન્યોના ભલા માટે ધન વાપરો, કૃપણ ન બનો. અન્યોના દુઃખ દેખી બેસી ન રહો. ધાન્યના ભંડારોને લોકોના હીતાર્થે વાપરો, પશુઓ અને પંખીઓની કતલ ન થાય તેવા ઉપાયો યોજો"

"હે ભારત ! સર્વ લોકોને અધ્યાત્મ જ્ઞાનબળ આપ. તારા સર્વ પ્રજાકીય અંગોમાં સત્વ, સત્ય, નિર્ભયતા, એકતા અને શુદ્ધ પ્રેમ વિકસાવ, મરવામાં દેહાશક્તિને ભુલ, હે ભારત ! તારા સંતાનોમાંથી ફાટફુટ, દ્રોહ, ઇર્ષાને દૂર કર. હે ભારત ! સર્વ ખંડોનો મસ્તક ! તારી શક્તિઓ વડે જીવ. અને અન્ય દેશોને માટે આદર્શભુત થા. સર્વ પ્રકારની ભીતીનો ત્યાગ કર. સ્વરાજ્યવાદીને ભીખ માગવાની હોય નહિ ભીખનો ટૂકડો સદાકાળ રહે નહિ તારી યોગ્ય શક્તિઓને રોમેરોમે ખીલવી યોગી થા. હે ભારત ! આત્મઘાતી ન બન. પોતાના હાથે પોતાના પગ પર કુહાડો ન માર. તારી શાંતિ સ્વતંત્રમાં, સર્વ વિશ્વની ઉન્નતિ છે અને તે ભવિષ્યમાં પ્રકાશશે સર્વ વિશ્વને તારી પાસેથી ભવિષ્યમાં ઘણું ઉપગ્રહ પ્રાપ્ત થશે હે ભારત ! તારા આત્મજ્ઞાન પ્રભુતામાં ભરેલા સતોથી સર્વ વિશ્વને ભવિષ્યમાં અત્યંત અધ્યાત્મ શાંતિ મળશે. હે ભારતીય લોકો ! તમે હિંદુ તથા મુસલમાન આદિ ધર્મ જનતાઓવાળા પરસ્પર એક બીજાના આત્માને દેખી આત્મપ્રેમે વર્તો, અને ભારતની સ્વતંત્રતામાં એકાત્મા બની વર્તો. ધર્મના મત ભેદોથી કલેશ ઝગડા વેરવિરોધ થતા વારો અને સર્વ વિશ્વમાં ઐક્ય પ્રવર્તાવવા તમારો હીસ્સો આપો"

"પૃથ્વી, ધન, સત્તા વીગેરે કોઇની સાથે જનાર નથી અસંખ્ય મનુષ્યો થયા, થાય છે અને થશે પણ પૃથ્વી યા લક્ષ્મીને કોઇ પોતાની સાથે લઇ ગયા નથી અને લઇ જશે પણ નહિ છતાં અજ્ઞાની મોહી મનુષ્યો સ્વપ્ન જેવી ક્ષણીક જીંદગીને માટે કરેલો પાપો, અન્યાયો કરે છે તે શોચનીય છે."

ઉપરના શબ્દો આ અધ્યાત્મ યોગીએ ભારતને અને તેની પ્રજાને તથા રાજ્યકર્તાઓને સલાહરૂપે કહેલા છે, અને તે મનન કરવા યોગ્ય છે.

જૈનોમાં ઘણા સાધુ મહાત્માઓ થઇ ગયા છે અને ધર્મના ઘણા કાર્યો કરી નામના મેળવી છે. પણ આ અધ્યાત્મ યોગી તો એકલા જ્ઞાનયોગી ન હતા,

પરંતુ અખંડ બ્રહ્મચર્યના તેજથી તેઓએ આત્માને સ્વ સ્વરૂપમાં જોયો હતો અને ત્યાગ અને વૈરાગ્યથી આત્મજ્ઞાનમાં મસ્ત હતા, અને તેની સાથે ખરેખરા કર્મયોગી હતા, અને તેથીજ તેઓ તેમના જીવન-કાળમાં ૨૦૦ ઉપરાંત પુસ્તકો લખી ગયા અને પોતાની વાણી આદેશરૂપે ભવિષ્યની પ્રજાને માટે કહેતા ગયા. તેઓ બુદ્ધિના સાગર હતા અને તેથીજ બહેચરદાસમાંથી બુદ્ધિસાગર સુરિશ્વરજી થઈ શક્યા.

તેમનું જીવન જાણવા અને મનન કરવા જેવું છે એક વિજાપુર નામના નાના ગામમાં કણબી કુટુંબમાં જન્મ થયો હોવા છતાં અને નાનપણમાં ઢોર ચરાવવાના કામમાં, ખેતીના કામમાં અને ઘંટીએ બેસીને પોતાથી માતાને દળવામાં સહાય કરવામાં આનંદ માનનાર આ મહાત્મા જૈન ધર્મના સિદ્ધાંતોનું તત્વજ્ઞાન મેળવવા ભાગ્યશાળી થયા, માગધી અને સંસ્કૃતના જાણકાર થયા અને કર્મયોગનો કીમતી ઉંચો ગ્રંથ તેઓ લખીને વારસામાં મુકતા ગયા લોકમાન્ય તિલકને પણ કહેવું પડ્યું કે આ કર્મ-યોગના ગ્રંથની મને ખબર હોત તો હું મારી મારી ભગવદ્ગીતા ન લખત

આ કર્મયોગના ગ્રંથમાં એકે એક વાક્ય મનન કરી તેનું પાલન કરવા જેવું છે. ખરેખર તો તે અધ્યાત્મનોજ ગ્રંથ છે અને જેમ ભગવદ્ગીતામાં શ્રી કૃષ્ણે જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગ સમજાવ્યા છે. તેવીજ રીતે ઘણીજ સરળ શૈલીથી આ અધ્યાત્મ યોગીએ કર્મયોગમાં કેવી રીતે મુક્તિ સમાયેલી છે તે સમજાવેલ છે.

આ આત્મા જ્ઞાન અને શક્તિથી ભરેલો છે. દેહથી જુદો છે. દેહ તો જડ છે. આત્મા તો અનાદિ અનંત, અને અવિનાશી છે, તેનું ભેદ જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે. આત્મા તો ફક્ત જ્ઞાન કરે છે અને દેહમાં મોહ પામે અને દેહનેજ આત્મા માને ત્યારે અજ્ઞાન કહે છે. અને રાગદ્વેષથી કર્મ બાંધે છે. અને તેથીજ કર્મના બંધનથી અને વાસનાથી પુનર્જન્મ લેવો પડે છે. આ સિદ્ધાંત આ યોગીએ કર્મયોગમાં અને તેમના ભજનોમાં પુરેપુરી રીતે સમજાવેલ છે.

મનુષ્યનો દેહ ઘણો દુર્લભ છે અને તેની એક એક ક્ષણ ઘણી ઉપયોગી છે તેનો ખરોખરો ઉપ-યોગ પૂજ્ય મહારાજશ્રી બુદ્ધીસાગર સુરીશ્વરજીએ કર્યો. પોતે અમરનામ કરી તરી ગયા અને બીજા-ઓને તારવાને માટે અમુલ્ય ગ્રંથો મુકી ગયા તેમનો ફોટો મારી સામે છે. આંખનું તેજ જોઈ શકાય છે. મુંબઈમાં ૧૯૧૧ માં મળવાનો એકાદ પ્રસંગ પણ બનેલો અને તેઓ જૈનોમાં હાલના સમયમાં એક આદર્શ અધ્યાત્મવાદી સંત થઈ ગયા. અત્યારે આવા સંતોની જૈન સમાજને ઘણી જરૂર છે. અને તોજ આર્યદેશ ગુરૂશ્રીની ભવિષ્યવાણી મુજબ બધા દેશનું ભલુ કરી શકશે અને વિશ્વબંધુત્વ સ્થાપી શકશે. પુજ્ય મહારાજશ્રીની ભવિષ્યવાણી સત્ય થાઓ અને અમારા આત્મ સ્વરૂપે તેમને હજારોવાર વંદન હો.

વાકેરી
અવશ્ય મંગાવો આ અમુલ્ય ઔષધિ .... .... ... ....વાકેરી
સંબંધે વધુ જાણવા
— રૂબરૂ મળો યા લખો —
પટેલ એન્ડ કું.
૧૬૬, ભીંડી બજાર, મુંબઈ નં. ૩
○ વાકેરી પાવડર ○
ના રતલ પેકેટના રૂા. ૪-૫૦

# "રાગમાંથી વિરાગ"

★ લેખક
શ્રી પ્રકાશ જૈન ગારીઆધરકર
(અલ્પજ્ઞ)

નગરભરમાં નટમંડળીમાં વાહવાહ થતી હતી લોક કહેતું હતું. શું ખેલ છે! દોરડા પર એ રીતે ચાલે છે, જાણે જંગલની કેડીએ ચાલ્યો જતો હોય! ભાગતી લાકડી શરીરની આજુબાજુ ફેરવે છે આંખ પર ભાલો વાળે છે છાતી પર પથ્થર તોડે છે. નેતરની સોટી જેમ અંગને મચકોડે છે. આપણું તો કાળજુ થડકી જાય ને પેલી છોકરી તો જાણે રબ્બરની પુતળીજ જોઈ લો! વાંકીચુકી થઈને લોખંડની "રીંગ" ની આરપાર નીકળી જાય છે અંગના અવયવોને સંકોચી વિકસાવી શકે છે. એનું નામ રૂપા. નામ એવું રૂપ હતું. એની પણ હતી ભરજોબન અવસ્થા. નગર સુંદરીઓની દૃષ્ટિએ બહુ અપટુડેટ ન હતી છતાંય એને કોઇ રૂપહીન કહી શકે તેમ નહતું. એ પણ જો અર્ધનગ્ન પોશાક પહેરે. કામદેવતા મર્મસમા અવયવોને અર્ધ ખુલ્લા મુકે, નયનોમાં ચંચળતાને ચાલમાં હસ્સો પૂરે તો હરીફાઈ કાતીલ બને, તો હરીફાઈમાં કોણ હારે ? આ કહેવું મુશ્કેલ હતું પણ રૂપાના સ્વભાવમાં એ નહતું સંસ્કારમાં તો પછી ક્યાંથી હોય? રૂપાનું રૂપ જોવા માટે અંતરની આંખ જોઈએ. આ આંખ તો ઘણીવાર કાંટાળું રૂપ જુએ છે. એને માટે જુદી આંખ જોઇએ. ઘટાના ઘેર જેવો તેના અણીયાળો ઝુલતો ચેર હતો હતો ચંદ્રમાનાં શશાંકના સમી તેના વદન ચંદ્રમાં કુંકુમની ટીલડી શોભતી. મધરાત માની આકાશગંગા સરિખી તેના કેશ ઘમશ્યારમાંથી સેંથીની સેર વિસ્તરતી. રજનીનો ઘુંઘટ પટ સંકોરી લેતાં પ્રભાતના વિધવિધ દેવવર્ણો આકાશવદને તે દેવવર્ણો તેને વદનમંડળે તરવળના ફૂલની પાંખડીઓમાં તેના ઉરના ભાવના મંત્રો આલેખેલા હતા તે એ પુણ્ય મંત્રાક્ષરોમાં પરમ પ્રભુતાનાજ પાઠ હતા.



મેદનીમાંના એકે કહ્યું: "એના ખેલમાં હજારો માણસો શાથી ઉભરાય છે તે જાણો છો? પેલી છોકરી ઢોલકી બજાવે છે, તે સાંભળવા. શું ઢોલક બજાવે છે! શું ઢોલક બજાવે છે! જાણે મન મુકીને તાલે નાચવા માંડીએ"

વાત સાચી હતી, નટમંડળીના માલિક રામરાવની યુવાન પુત્રી રૂપા ઢોલક બજાવતી હતી ત્યારે હજારો પગતાલ દેવા મંડી જાતા અને પ્રેક્ષકોના હૈયા નાચી ઉઠતા કોઈવાર તે હાથનું હારમોનિયમ પણ બજાવતી. પણ ઢોલક વગાડે ત્યારે વાત જ જુદી. તે દિવસની જ વાત છે. તે દિવસે રોજથી ટેવાયેલો હોવા છતાં દોરડા પર ચાલનારો પેલો નટ રૂપાના ઢોલકની અસરથી તાનમાં આવી જઇ પગ મૂકી દેહો નહોતો પડયો? એનો બાપ રામરાવ પણ કહેતો: "માનો ન માનો પણ છોકરીના હાથમાં જાદુ છે. એટલેજ તો કૃષ્ણની મોરલીથી જેમ જીવ માત્ર ડોલી ઉઠે તેમ એના ઢોલકથી પ્રેક્ષકો ડોલવાજ માંડે"

આજે કોઈ તહેવારનો દિવસ હોય એમ લાગતું હતું. કીડીયારીના જેમ માનવ મેદની ઉભરાણી હતી નટમંડળે પણ નિશ્ચય કરી રાખ્યો હતા કે આજે જીવ સટોસટનો ખેલ કરી બતાવવો. તંબુની મધ્યમાં બધાં દેખી શકે એવો ભવ્ય રંગમંચ ખડો કરવામાં આવ્યો હતો. જનસમૂહના કોલાહલ શાંત કરતો સુરમ્ય સ્વર અથડાયો. અને ઢોલક ગર્જી ઉઠયું. મનને મોહ પમાડે એવું ગીત એમાંથી ઝરતું હતુ. પહાડ પરથી ચાંદની ઝરે એમ એ ઢોલકમાંથી સૂર સાથે ગીત પણ રસળતું આવતું હતું ત્યાંજ

સારંગીના સૂર સરખાજ મધૂર મધૂર કોમળ સૂરમાં–

" પિયા રહે પરદેશ "

ના બોલ સહુને અથડાયા; અને શમિયાનાને બીજે છેડે ગોઠવેલા નેપથ્યમાંથી પીઠ પર છૂટા વાળ સાથે શ્વેત વસ્ત્રમાં એક નર્તકી ગાતી બજાવતી બહાર નીકળી. એના ગોરા ઘાટીલા ગોલાકાર હાથે માત્ર એકેકજ બંગડી હતી. તેમજ એના ઉન્નત વૃક્ષઃસ્થળ પરથી ચમકદાર મોટા મોતીની એકજ સેર લટકતી હતી. અસહાયતા દર્શક એના બને હાથ આગળ લંબાયેલા હતા અને આંખોમાંથી પણ એવીજ નિરાધારતા જાણે વહી રહી હતી એને જોતાં જ, એનો એ કરુણાજનક અભિનય દેખતાં જ ખૂણામાં બેઠેલા કોઈ યુવકને લાગ્યું કે જાણે જોગિયા રાગમાં એની સઘળી વિરહ વેદના સાકાર બનીને પોતાની સામે ખડી થઇ છે ! એ ગાતી હતી. દરેક આલાપ સાથે એના અવાજમાં જણાતો ભાવનાઓનો કંપ શ્રોતાઓના હૃદયને હલાવી મૂકતો હતો અને ઉદાસીન ભાવે હાથ વડે તે જે મુદ્રા અભિનય દાખવતી હતી તેથી તેઓ મુગ્ધ બની જતા હતા. એણે પહેરેલી શ્વેત રેશમી સાડી ખભાપર વિખરાઇ પડેલાં કાળા લાંબા કેશ, એનાં વૃક્ષઃસ્થળનું આછું સરખું પણ સ્પંદન પ્રદર્શિત કરતી મોતીની માળા–એની મુદ્રા અભિનયમાં એટલી તો આર્તતા ભરી હતી કે શ્રોતાઓના હૈયા એથી પીગળી ગયા...

... ... થોડીવાર પછી ... ... નર્તકી સ્મિત સાથે ફરીને રંગપટની પાછળ ગઇ, દરમ્યાન પેલા નટરાજ યુવકે ઠુમરીના સૂર છેડયા અને એ ઠુમરી હજુ માંડ પૂરી થઇ હશે. ત્યાં તો પડદા પાછળથી પગે ઘુઘર બાંધીને તાલ સાથે છૂમછૂમ કરતી નર્તકી બહાર નીકળી આવી. મોરપિચ્છના રંગો ભરેલી ઘેરદાર સાડી એણે આવેલા શરીરે વીંટી હતી. એ પર જડેલા મોર પિચ્છના ચાંદ વીજળીના ઝગમગતા પ્રકાશમાં એવા તે ચમકી ઉઠતા હતા કે તાલબદ્ધ ધીરે ધીરે એકેક ડગલું દેતી એ નર્તકીને બદલે જાણે પ્રત્યક્ષ કોઈ મધુર જ મંદગતિથી –તાલબદ્ધ ચાલે આગળ વધી રહ્યો છે એવો પ્રેક્ષકોને ભાસ થતો હતો. થોડુંએક અંતર આમ આગળ આવતાં જ કમરે ટેકવેલો હાથ એ નર્તકીએ વેલની શાખાઓ પેઠે લંબાયેલા અને ચપળતાથી એક ચક્કર લઇ પટકારતાં સાડીના છેડા બંને હાથોમાં ઉચા કર્યો અને મોરની કલગી જેવીજ નીલમણિની બિંદીવાળું પોતાનું મસ્તક સ્હેજ આગળ ઝૂકાવીને તુરતજ નૃત્યનો આરંભ કર્યો. ઘેરદાર સાડીને લીધે મોરપિચ્છના ભાર સમી લાગતી એની રમણીય આકૃતિ આગળ વધેલા મસ્તકનું ભાવપૂર્ણ ડોલન અને નૃત્યથી ઉન્મત્ત બનેલા નયનોમાંથી ઊછળી રહેલી આનંદની છોળોએ મયૂરનૃત્ય પર એની એ માણેક વેશ રચના પર અને એના મુલ ઉત્તેજક હાવભાવ પર જાણે નજર પણ ટકી શકતી ન હતી. મયૂરનૃત્ય માંડ સાત આઠ મિનિટ ચાલ્યું હશે, નૃત્ય પૂરૂં કરી પોતાની સાડીનો વિસ્તાર સંકોચી લઇ ધીરેધીરે જયારે તે પોતાને સ્થાને જઇને ઢોલક લઇને ઉભી રહી ત્યારે તો પ્રેક્ષકોના આપોઆપ ઉદ્‌ગારો તાળીઓ વાટે નીકળી પડયા 'વાહ, વાહ શું સુંદર ! અદ્‌ભૂત !'

પણ પેલો યુવક કેવળ વાહવાહ કહીને અટકી ના રહ્યો, તેણે ફારસી શેર ફેંકયો અને અંતે કહ્યું, "કુદરતે દુનિયામાં સ્રીને તો કોઈ અજબ ચીજજ બનાવી છે ! પણ એના સૌન્દર્યનો આવિષ્કાર જાણે એ સર્જનથી પૂર્ણ ન થતો હોય તેમ તેણે આ નૃત્યકલાની ભેટ દ્વારા એમાં ઉમેરો જ કર્યો છે અને એ નર્તકીએ મનમોહક ( તે વખતનું વાદ્ય ) ઢોલ ઉપાડી તાલ દેવા લાગી. આજે કોઈ એક આત્માને રંજ કરવા–આકર્ષવા પોતાની તમામ શક્તિ વેરી ન રહી હોય ? એના લાંબા ગોળ હાથ રબ્બરની પેઠે વાંકા વળી ઢોલકના ચામડાં પર પછડાતા હતા. એની કમ્મર સ્હેજ લચકાતી અને લાંબી ડોક સ્હેજ મરડાતી ત્યારે મદારીની મોરલીથી જેમ નાગ ડોલે તેમ પ્રેક્ષકો ડોલી ઉઠતા.

તે વેળા તંબુને એક ખૂણે બેઠેલા પેલા ચોવીસ વર્ષના યુવાનના હૈયામાં ઉત્પાત મચ્યો હતો. આટલા

ભર્યા ભર્યા તંબુમાં તેને એ જ વસ્તુ દેખાતી હતી. એક તો ઢોલકની બજાવનારીના હાથ અને બીજી બે હાથની વચ્ચે ઉછળતું નાનું ઢોલક એ મૂર્તિમંત સ્થિર બેઠો હતો. ટાંકણી ભોંકો તોય એને ખબર પડે એમ ન હતું.

હરએક સારંગીના તારમાં જેમ અદૃશ્ય સ્વર વસે છે એમ પ્રત્યેક માનવીના મનના એક સુંવાળા ખૂણામાં એના "મનની મેનકા" વસે છે. રાહ હોય છે કેવળ છેડનારની. એ છેડાયા પછી એના રણકાર કોઈ રોકી શકતું નથી.

એ રણકાર ન તો જ્ઞાની વ્યાસ રોકી શક્યા છે, ન તો તપસ્વી વિશ્વામિત્ર રોકી શક્યા છે, ન તો અરણિક મુનિ રોકી શક્યા છે, ન તો નંદિષેણ મુનિ ! સંસારના ઘણા ઘણા મહાત્માને એનો સાદ સાંભળવો પડયો છે. જેમ ભીલડીનો સાદ શંકરને સંભળાયો ને કુબ્જાનો હાથ શ્યામસુંદર શ્રી કૃષ્ણને સંભળાયો એવો એક સાદ, આવો એક રણકાર એ નવયુવાનને સંભળાયેલો. બારેક વાગતાં ખેલ પૂર્ણ થયો, સૌ વિખરાયા, ન ઉઠ્યો પેલો જુવાન. બધા નટ પોતપોતાના નિવાસે ચાલ્યા ગયા. તોયે પેલો જુવાન ન હાલ્યો. બધું ખાલી થયા પછી નટ મંડળનો માલિક રામરાવ તંબુમાં એક નજર નાખી લેવા આવ્યો ત્યારે એણે પેલા જુવાનને ધ્યાનસ્થ બેઠેલો જોયો. રામરાવે પાસે જઈ તેને ઢંઢોળ્યો. પેલો જુવાન તો સ્વપ્ન સરખી અવસ્થામાં જ બબડયો, "આહા ! શું તાલબદ્ધ ઢોલક વાગે છે ! કાન-ગોપીઓનો રાસ જામ્યો છે. કૃષ્ણની મોરલી ને રાધાનું ઢોલક ! જગત આખું હમણાં નાચવા માંડશે. ના, ના, ઢોલક બંધ ન કરીશ રાધા ! હજારો હૈયાનાં હીર સૂકાઈ જશે."

એય છોકરા ? શું બકે છે ! ક્યારનો ખેલ પુરો થઈ ગયો રામરાવે હચમચાવ્યો.

"શું ખેલ પૂરો થઇ ગયો ? ઢોલક બંધ થઇ ગયું ? મહા નિંદ્રામાંથી જાગ્યો હોય એમ ઝબકીને જુવાને પૂછ્યું.

"હા ઘેર જા" રામરાવે કહ્યું.

"હવે ઘેર ન જાઉં. દાદા! અને જાઉં તો ઢોલક વગાડના વાળીને લઇને જાઉં"

"કેવો બકવાટ કરે છે ? એ તો મારી દીકરી રૂપા છે.

"દાદા ! રૂપાને મેળવવા હું જીવ પાડીશ" જુવાને પોતાનો દૃઢ નિશ્ચય જાહેર કર્યો. પડદા પાછળથી ડોકિયાં કરી રહેલ રૂપાએ આ ફાંકડા યુવાનને જોતાં જ મોહાંધ બની ગઇ. દેહનો બાંધો હૃષ્ટપુષ્ટ અને તંદુરસ્ત હતો રૂપ તો જાણે કામદેવનો અવતાર. અચાનક તે યુવાનની દૃષ્ટી પડદા સામે ગઇ ખુણામાં તેણે કોઈ ગભરૂ હરણી જોઈ. એ હરણીએ રુપેરી ચાંદની સમી લાગતી સફેદ સાડી અને મોગરાનાં ફૂલની વેણી દ્વારા જાણે શ્યામલાઘારિત્રી પર ચાંદની રેલાઇ રહી હોય એવું મનોરમ્ય દૃશ્ય હતું. બન્નેની દૃષ્ટી મળી, નયનોથી અંતરના ભાવની આપ લે કરી લીધી નેત્રે નેત્રે ભેટી હૃદયના પાઠ વાંચી લીધા હતા, છતાં હજુ ઘણું અપ્રગટ જ હતું જતાં જતાં રૂપાએ યુવાન તરફ એક પ્રેમાળ દૃષ્ટી ફેંકી. યુવાનને સાવધ અને મક્કમ રહેવા ઇશારો કરતી ગઇ યુવાનની મક્કમતાના ભાવ મૂખ પર ઉપસી આવ્યા. ...ખરેખર પ્રેમને વાચા હોતી નથી. મૂક ભાવો દ્વારાજ એ વ્યક્ત થાય છે.

રામરાવ યુવાનનું રૂપ યૌવન અને તેજસ્વીતા જોઇ જરા વિચારમાં પડયો જરાવાર વિચાર કર્યા પછી પુછયું "તારું નામ શું"? "ઇલાચી" "જો ઇલાચી એક શરતે રૂપા તને પરણાવું" બોલો "શી શરત છે? ઝટ બોલો ?"

"નટની દીકરી છે. તેને ધર્મ અને સંસ્કારનો વારસો મળ્યો છે ઇલાચી! જો તું અંગ કસરતના ખેલોમાં પારંગત બને અને તું તેમજ રૂપા મળીને આ નગરના રાજાને રીઝવીને મોટું ઇનામ મેળવો તો તમારા બન્નેના લગ્ન કરાવી આપું. છે કબુલ ?"
"હા કબુલ છે."

તે દિવસથી ધનદત્ત શેઠનો પુત્ર ઇલાચી નટ-મંડળમાં જોડાઈ ગયો. તેણે ન જોઈ રાત કે ન જોયો દિવસ ભૂખ, ઉંઘ કે થાકની પરવા કરી નહીં એના સ્વપ્નોમાં રૂપા જ રમતી. ગોળ મગદળ જેવા એના હાથ, પાતળી અને લાંબી અણીયાળી આંખો રબ્બરની પેઠે વળતો એનો દેહ, અને ઢોલકના ચામડા પર રમત રમતી નાજુક આંગળીઓએ ઇલાચીનું ચિત્ત હરી લીધું હતું. ઇલાચી ગામે ગામે નટમંડળ સાથે ઘૂમવા લાગ્યો પ્રીતની ગાંઠ મજબુત બંધાણી રૂપાના માનસ પર પોતાની ખાતર વૈભવ વિલાસોને લાખ્ખોની આમદાની છોડીને ફના થનાર એ નગર શેઠના સુરાગ પુત્ર ઇલાચીની મનમોહક મૂર્તિ રમતી હતી રૂપાને ઇલાચી મયજ જગત ભાસતું હતું. મનોમન એ ઇશ્વ-રને પ્રાર્થના પણ કરતી કે હે ભગવાન! અમારા હૃદયની વેદના સાંભળવા મારા પિતાશ્રીને કાન આપ.

રૂપાને નિરખીને ઇલાચી દીવાનો બની ગયો હતો. રૂપનું પ્રચંડ ઝરણું ત્યાં પોતાના પુર દમામથી ખળખળ નાદે વહેતું હતું શું કોમળતા! શી સુરેખતા! શી સુડોલતા! શું લાવણ્ય! એક એક અવયવ કવિની કલ્પનાને બેહોશ બનાવનાર હતું. ઉષાની લાલાસ એ દેહ પર હતી. ચંદ્રનું શૌમ્ય અને પુષ્પની ખુશ્બો ત્યાં બિરાજતી હતી. ગાલેગાલ ફૂલ પડ્યાં હતાં ને લજ્જાના ડોલર ત્યાં સદા ખીલેલાં રહેતાં રૂપાએ ઝીણું પારદર્શક હંસલક્ષણુ વસ્ત્ર પરિધાન કર્યું હતું જે શ્વાસ માત્રથી પણ ઉડી જાય તેવું હતું ચીના શુકની ગુલાબી કંચુકીને માથે કમળની વેણી ગુંથી હતી. સુંવાળા મૃગચર્મનો ગલપટો ગળે વીંટયો હતો 'રૂપા' કંઇક પરિચીત સુરમ્ય અવાજ અચાનક મધરાતે આવતાં જ રૂપા ગભરાઇ ગઇ "ઇલાચી" તેનાથી બોલાઇ જવાયું એના થરથરતા તુષ્ણાભર્યા હોઠની આર્દ્રસ્પર્શ તેની વિશાળ છાતીએ થતાં જ એણે રોમાંચ અનુભવ્યો. એ સ્પર્શ તેને ચંપાની ખીલેલી કળી-ઓના મૃદુ કોમળ સ્પર્શ સમો ભાસ્યો "આપણો પ્રેમ સૂર્ય જેવો સત્ય છે." રૂપા તાકી રહી.

ઇલાચી વધુ નજીક આવ્યો "શું મ્હારા ઓર-ડામાં તારાથી ન અવાય? અવાય. સંયમ છે તો કશીયે ભીતિ નથી. પણ સમાજની સીમાઓ તોડ-વામાં શું કરવા શ્રેય સમજવો? સમાજ મહાનુભાવી છે. એના મૂળ સિદ્ધાંતો સનાતની છે.

"ઇલાચી હજુ હું કુમારીકા છું સંયમ એ કુમારીકાનો પ્રાણ છે.

નટકન્યાનો શિયળ પ્રેમને ઇલાચી વંદી રહ્યો પોતાની મોહાંધતા મનની ગુલામી અને ઉતાવળતાનો પશ્ચાતાપ કરતો ઇલાચી પાછો હટયો.

"હા રૂપા જાઉં છું અને આખી રાત તારા મીઠા સ્વપ્નમાં રમીશ મારી જીવનયાત્રી!" "ઇલાચી" રૂપાથી પુનઃ બોલાઇ ગયું તું ધીરો થા અને સંતાપ ન કર વિધિનું નિર્માણ હવે દુર નથી રૂપા તેના ઘુટણુ આગળ માથું સમાવી દે છે ઇલાચી તેના વાળ પંપાળે છે રૂપા એક ડુસકુ ખાય છે ઇલાચીની આંખમાં પાણી આવે છે ઘડી કોઇ બોલતું નથી.

શશિય તેના મૂખ પર ફરી એકવાર તેજધારા વહેતી મૂકી બાજુમાં જ ચાલતા મુશાયરામાંથી એક નટકન્યાની શાયરી છુટી.

દિલ સાફ તેરા હૈ યા નહીં પૂછીલે જીસે
ફિર જો કૂછ ભી કરના હૈ તો કરલે ખુશીસે

નિદ્રાદેવીએ દયા લાવી વધુ ન સતાવતા રૂપાને પોતાના પર્યંકમાં તેને ઝડપી લીધી ઇલાચી હળવે પગલે ચાલ્યો ગયો ઇલાચીએ રાત મધુર કલ્પનાઓમાં વિતાવી રૂપાની મનોહર સૂરત તેની નજર સામેથી ખસી નહી પ્યારી પ્યારી થઈ પડેલી એ પરીશી જેવી સુરતની સૌંદર્યભરી રેખાઓએ એક સોહામણી તસ્વીર રચીને ઇલાચીના હૈયાના ખાલી ચોકઠામાં મઢી દીધી. દિલનો ખૂણો ભરાઈ ગયો રૂપાનું સ્થાન તેના અંતરમાં અવિચલ થઇ ગયું હૈયાની હરિયાળી બની ગએલી ધરતી પર રાત આખી મ્હોબ્બતના મોરલા ટહુકાર કરતા રહ્યા.

( વધુ આવતા અંકે )

# શાસન સમાચાર—

**ખંભાત** અત્રે પૂ. આ દેવેશ શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રીમદ્ કીર્તિસાગર સુરીશ્વરજી મ. તથા પં. મહોદયસાગરજી મહારાજશ્રીની નિશ્રામા શેઠ ગુલાબીદાસ ઉપાશ્રય તથા ઓશવાલ ઉપાશ્રયમાં ચાતુર્માસ તથા મૌન એકાદશીની ધર્મારાધના સુંદર થવા પામી હતી.

પૂ. આચાર્યશ્રીની નિશ્રામાં શ્રી લાડવાડાના ઉપાશ્રયે શ્રી ૧૦૮ ગ્રંથના પ્રણેતા, વિશ્વવિરલ, દિવ્ય વિભૂતિ, યોગનિષ્ઠ, અધ્યાત્મજ્ઞાન દિવાકર કર્મયોગી શાસ્ત્રવિશારદ પુજ્યપાદાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા તેઓશ્રીના શિષ્ય પ્રશાન્તમૂર્તિ આચાર્ય શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના તૈલ ચિત્રની અનાવરણ વિધિ અનુક્રમે શેઠ સોમચંદ પોપટચંદના સ્મરણાર્થે તેઓના સુપુત્રો તરફથી તથા શેઠ મુળચંદ બુલાખીદાસના સ્મરણાર્થે તેઓશ્રીના ધર્મપત્ની શ્રી જશીબેન મુળચંદ ભાઈ તરફથી સંઘના દર્શનાર્થે કરવામાં આવેલ છે.

ગીમટીમાં શ્રી મહાવીર સ્વામીજીના જીર્ણોદ્ધારમાં ચાલુ સાલમાં લબ્ધિસુરિજી દાદાના શિષ્યરત્ન લક્ષ્મણસૂરિજીના શિષ્યરત્ન શતાવધાની કીર્તીવિજયજી મહારાજ સાહેબ દેવકરણ મેન્શનમાં પર્યુષણ કરાવવા માટે ગએલા હતા તેમના સદ્ ઉપદેશથી ત્યાંના કાર્યકર્તા ભાઈઓએ ત્યાંની આવકમાંથી રૂા. ૩૦૦૧) મદદ માટે મોકલી આપ્યા છે તે માટે તેઓ સર્વના આભારી છીએ.

આચાર્ય વીજય ધર્મસૂરીશ્વરજીના ઉપદેશથી કોટવાળા ભાઈઓ તરફથી ભાયખાલામાં ઉપધાન કરાવેલા તેની આવકમાંથી રૂા. ૧૫૦૦) મોકલી આપ્યા છે તે માટે તેઓ સર્વેના આભારી છીએ અને તેનું અનુકરણ કરવા અને બનતી મદદ મોકલવા સર્વને વિનંતિ છે.

ખંભાતમાં ચોમાસુ રહેલ અને જેમના આશીર્વાદથી બુદ્ધિપ્રભા માસિક પુનઃ શરૂ થયું છે તે આચાર્ય મહારાજ શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી તથા બુદ્ધિપ્રભાના સંસ્થાપક પન્યાસજી શ્રી મહોદયસાગરજી વ્યવહાર વિદ્ મુનિશ્રી દૂર્લભસાગરજી આદી ઠાણાઓ અત્રેથી માગશર વદ ૭ ને સોમવારે વીહાર કરી પાદરા તરફ પધાર્યા છે.

શ્રી સ્થંભતિર્થ તપગચ્છ જૈનસંઘ માગશર વદ ૭ ને મંગળવારે રાળજ મુકામે અત્રેથી વિહાર કરી પધારતા પૂ. આચાર્ય મહારાજ આદી ઠાણાઓની છાયામાં ગયો હતો જેથી પુજા વિગેરે તેઓશ્રીની હાજરીમાં સુંદર રીતે ભણાવાઇ હતી આ પ્રસંગે ખંભાતના ઇતિહાસમાં જૈન સંઘો જે અત્યાર સુધી ગાડાઓ વિ. સાધનો દ્વારા રાળજ જતા હતા તેને બદલે આ વખતે એસ ટીની સળંગ સર્વીસ ચાલુ રાખી શ્રી સ્તંભતીર્થ જૈન સેવા સમાજના કાર્યકરોએ સુંદર સેવા આપી હતી તેમજ જમણ વિ. પણ ઉપર્યુક્ત મંડળના સભ્યોએ તનતોડ મહેનત કરી બધું કામ સુંદર રીતે પાર પાડયું હતું.

સાહિત્યભૂષણ મુનિશ્રી કસ્તુરસાગરજીની નિશ્રામાં શ્રી ઓશવાળ જૈનસંઘ મા. વ. ૪ને શનિવારના રોજ રાળજ મુકામે ગયા હતા.

---

ખંભાતના જૈન સમાજના જાણીતા આગેવાન શેઠશ્રી શાંતિલાલ શ્રોફના અવસાન નીમિત્તે તેઓશ્રીને શોકાંજલિ અર્પવા તા. ૨૮-૧૨-૫૯ ને સોમવારે જૈનોની એક જાહેર શોકસભા રાત્રે ૭ વાગે અંબાલાલ પાનાચંદની ધર્મશાળામાં શેઠશ્રી ચીમનલાલ પી. શાહના પ્રમુખપણા નીચે રાખવામાં આવી હતી જેમાં તેઓને જુદા જુદા વક્તાઓએ અંજલિ અર્પી હતી, અને શોકદર્શક ઠરાવ પસાર કરી બે મીનીટ મૌન પાળી સભા વિખરાઈ હતી આ ઉપરાંત શહેરના નાગરિકો તરફથી તા. ૨૯-૧૨-૫૯ ને મંગળવારે રાત્રે આઠ વાગે એક શોક સભા શેઠશ્રી ચુનીલાલ ગીરધરલાલના પ્રમુખપણા નીચે રાખવામાં આવી હતી અને તેમાં તેઓશ્રીને અંજલિ અર્પી શોકદર્શક ઠરાવ પસાર કરવામાં આવ્યા બાદ મીટીંગ પુરી થઈ હતી

---

શ્રી તપગચ્છ જૈન અમરશાળા સંઘ પ. પૂ. પન્યાસજી શ્રી કનકવિજયજી મહારાજ આદી ઠાણાઓની નિશ્રામાં માગશર વદ ૧ ને બુધવારના રોજ રાળજ મુકામે ગયો હતો. પુજા વિ. ધામધુમથી ભણાવ્યા બાદ જમણ થઈ સાંજે ખંભાત પાછા ફર્યાં હતા.

**પાલીતાણા** બાલાશ્રમમાં પાલણપૂર નિવાસી શિક્ષણપ્રેમી પ્રભાવતીબેન પરીખ આવેલા તેઓના પતિ શ્રી નાથાલાલ પરીખના ફોટાની અનાવરણ વિધિનો સમારંભ યોજેલ. તે પ્રસંગે સાધ્વીશ્રી સદ્ગુણાશ્રી તથા કીર્તિલત્તાશ્રીનું પ્રવચન રખાયું હતું વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક પ્રોત્સાહન વારંવાર સાધ્વીજી મહારાજ તરફથી મળતું રહે તેવું સુચન શ્રી પ્રભાવતી બેન પરીખનું હતું તેઓએ શ્રાવિકા શ્રમની મુલાકાત સારી રીતે લીધી હતી બેનોના મા હોય તેવો વાત્સલ્ય ભાવ તેઓશ્રીનો વહી રહ્યો છે આ રીતે સમાજના સંસ્કારી સુખી બેનો પોતાની ફરજ માની શિક્ષણ સંસ્થાઓના બેનો અને ભાઈઓના સાચા મા બને એથી સંસ્થાઓ પ્રાણવાન બની શકશે.

### કાળધર્મ પામ્યા

જુનાડીસામાં સં. ૨૦૧૬ના કારતક વદ ૮ સોમ વારના સવારે પાંચ વાગે અપૂર્વ સમાધિપૂર્વક છેવટ સુધી બહુજ શ્રદ્ધાપૂર્વક નવકાર મંત્ર ગણતાં સાધ્વીજી મહારાજ શ્રી દિવ્યપ્રભાશ્રીજી કાળધર્મ પામ્યા છે. તેમણે સં. ૨૦૦૪ ની સાલમાં શ્રી જગડીયાજી તીર્થ ઉપર બાપજી મહારાજના સમુદાયમાં દીક્ષા નીધી હતી બે વરસથી સખત માંદગી તેઓ ભોગવતાં હતાં પરંતુ તેમણે કદી પણ કાયાનો મોહ રાખ્યો નથી અહર્નીશ આત્માનું કલ્યાણ જેટલું થાય તેટલું કરવા માટે ધર્મ મારાધન કરતા હતા શરીરના માટે દેશી ઉપચાર કરતાં હતાં વિલાયતી દવાઓ કોઇ વખત વાપરીજ નથી વૈદ્ય કે ડોકટર પાસે શરીર તપાસવા


શ્રી મહાવીરાય નમઃ

## અખંડ પુણ્ય ઉપાર્જન કરવાની અમુલ્ય તક

શ્રી સ્થંભતીર્થ નગરમાં ગીમટીમાં ચરમ તીર્થ પતિ મહાવીર સ્વામિજી ભગવાનનું પ્રાચીન કાચનું દેરાસરજી હતું તે ઘણું જીર્ણ થઇ જવાથી તેનો જીર્ણોદ્ધાર મુળથી કરાવવાનું શરૂ કરેલ છે તેમાં રૂા. એક લાખના ખર્ચનો એસ્ટીમેટ છે. અત્યાર સુધીમાં ગામના તથા બહારગામના થઇને રૂા. ૬૫ હજાર આવેલા છે તે રકમ ખરચાઇ ગઈ છે. રૂા. ૩૫ હજારના આશરાનું કામ બાકી છે તે ચાલુ કામ નાણાંના અભાવે બંધ કરવું પડે તેવી પરિસ્થિતિ હોવાથી આર્થિક સહકારની તાત્કાલિક જરૂરત છે તો આપનાથી બની શકે તેટલી સારી મદદ નીચેના સરનામા પૈકી ગમે ત્યાં મોકલી આપવા કૃપા કરશોજી. એજ અરજ.

ખંભાત — તપગચ્છ અમર જૈન શાળાના વ. ક. શેઠ રમણલાલ દલસુખભાઈ ઠે. ટેકરી
શા. હીરાલાલ મોતીલાલ ઠે. ગીમટી

મુંબઇ — શેઠ છગનલાલ કસ્તુરચંદ ઠે. પ્રીન્સેસ સ્ટ્રીટ, લાલસીંગ બીલ્ડીંગ
શેઠ કેશવલાલ બુલાખીદાસ ઠે. દેવકરણ મેન્શન, પ્રીન્સેસ સ્ટ્રીટ

અમદાવાદ — શેઠ રમણલાલ વજેચંદ મસ્કતી મારકેટ
શેઠ રતનલાલ જીવાભાઈ ,, ,,

દીધું જ નથી આવી માંદગી છતાં પણ તપસ્યાઓ ઉપવાસ આદી બહુજ કરતાં હતાં છેવટ સુધી ઓછામાંઓછું એઆસણાનું પચ્ચખાણ કરેલ છે અને ત્રીકાલ દેવદર્શન કરવા ચૂક્યાં નથી તેમના સંસારીપણાનાં દીકરાઓએ તેમની શકિત મુજબ ઘણીજ સારી સેવા બરદાસ કરી હતી તથા બાપજી મહારાજના સમુદાયના સાધ્વીજીઓ વિજ્ઞાનશ્રીજી વિગેરે સાધ્વીઓએ તથા વિનય પ્રભાશ્રીજી તથા કુસુમ પ્રભાશ્રીજીએ ઘણીજ સેવા કરી છે તેઓ બહુજ સેવાભાવી છે જુનાડીસાના સંઘે આઠ પૂજાઓ ભણાવી હતી અને અઠ્ઠાઇ ઓચ્છવ કર્યો હતો ગવૈયા રમણલાલને અમદાવાદથી બોલાવ્યા હતા સારી રાગ રાગણીથી પૂજાઓ ભણાવી હતી ધન્ય હો આવી ચારિત્રવાન સાધ્વીઓને કે જેઓ કાયાનો મોહ નહીં રાખતા અપૂર્વ સમાધિ પુર્વક ધર્મ આરાધન કરતાં તેમના દેહનો ત્યાગ કર્યો હતો.

# શોકજનક અવસાન

ખંભાતના જૈન સમાજના જાણીતા આગેવાન શેઠશ્રી શાંતિલાલ મણીલાલ શ્રોફનું મુંબઈ મુકામે તેમના નિવાસસ્થાને દુઃખદ અવસાન થયું છે તેની નોંધ લેતાં અમો અત્યંત આઘાતની લાગણી અનુભવીએ છીએ, અને તેઓશ્રીના આ અણધાર્યો અવસાનથી તેમના કુટુંબીજનો પર જે આફ્ત આવી પડી છે તેમાં અમો અમારી સહાનુભુતિ દર્શાવીએ છીએ અને પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ કે તેઓશ્રીના આત્માને શાંતિ અર્પે.

તંત્રીઓ

# ઉઠ અને જાગ-

નવું બાલજીવન પ્રાપ્ત કર્યું હોય એ પ્રમાણે ઉત્સાહતઃ સ્વાત્મકાર્યોને કર. તું બ્રહ્મસ્વરૂપી છે. અલખ સ્વરૂપી છે તું છેદાતો નથી ભેદાતો નથી તારા શુદ્ધ સ્વરૂપનો તું ભોકતા છે. સ્વાયર્કિતતા બાહ્ય વ્યવહારાર્થે, કુટુંબાર્થે સમાયાર્થે અને સંઘાર્થે જે જે યોગ્ય કાર્યોનો બોજો તારા શીર્ષ પર આવી પડેલો છે તેને વહન કર ગભરાઇ ન જા, અકળાઈ ન જા. આખું જગત સામું પડે તો પણ તું આકાશની પેઠે પોતાને નિર્લેપ માની સ્વકાર્યોને કર અને ઉત્સાહથી કાર્યો કરતાં આત્માના આનંદમાં મસ્ત થા. આત્માના આનંદને પ્રત્યેક કાર્ય કરતાં પ્રગટાવ્યા કર સંઘના પ્રત્યેક અંગની સુવ્યવસ્થામાં ભાગ લે અને સંઘની અનંત વર્તુલતા કરવામાં જીવતા અંગોને તેમાં ફુંક વિશ્વવર્તી આર્ય સંઘની પ્રગતિમાં તારી પ્રગતિ અવબોધ !!! સર્વમય તારો આત્મા છે એવું માની સંઘાદિ કાર્યો કરવામાં સ્વફરજોને બોધી જાગૃત થા, ઉઠ અને કાર્ય કરવા લાગ. બાહ્ય પદાર્થોની પ્રાપ્તિ માટે ઇર્ષ્યા દ્વેષાદિ દોષો ન સેવતાં સાત્વિક ગુણોને સેવી બાહ્ય કર્તવ્યકર્મમાં પ્રવૃત્ત રહે અને વિશ્વવર્તી સર્વ મનુષ્યોને જગાડ કે જેથી તારું કર્તવ્ય અદા કર્યું ગણાય. હે ચેતનજી ! તારા શીર્ષ પર અનેક વ્યાવહારિક તથા ધાર્મિક કાર્યોની જવાબદારી છે તેને મોહનિદ્રાનો ત્યાગ કરીને સમજ અને તે જવાબદારી પુર્ણ કરવા કાર્ય પ્રવૃત્તિ પ્રારંભવા માટે ઉઠ અને આલસ્યને કરોડો ગાઉ દુર ધકેલી દે....

# ★ અમારી સંસ્થાના માનદ્ પ્રચારકો ★

૧ શાહ નાનાલાલ હિરાલાલ એન્ડ કું૦
એડન કેમ્પ ( એરેબીયા )

૨ દાણી શેવંતીલાલ ચીમનલાલ
ઠે. ૪૦, બરતલ્લા સ્ટ્રીટ કલકત્તા–૭.

૩ શાહ જયંતિલાલ લલ્લુભાઈ દલાલ
ઠે. ૫૨, ચંપાગલી, મુંબઈ નં. ૨.

૪ શાહ બાબુભાઈ સકરચંદ ( વિજાપુરવાલા )
C/o. શાહ બાબુભાઈ રમણલાલ ટોપીવાળાની કું.
ઠે. ધનજી સ્ટ્રીટ, બીજી અગીઆરી લેન,
મુંબઈ નં. ૩.

૫ શાહ પ્રતાપરાય ટી. શાહ ( થોરડીકર )
ઠે. ૭, બીજો ભોયવાડો, મુંબઈ નં. ૨.

૬ શાહ રજનીકાન્ત ગીરધરલાલ
ઠે. ૫૫, શરીફ દેવજી સ્ટ્રીટ, ચોથે માળે,
મુંબઈ નં. ૩.

૭ દાણી રમણિકલાલ ચીમનલાલ
C/o. એમ. એમ. ઝવેરી, ઠે. ધનજી સ્ટ્રીટ,
કૃષ્ણ નિવાસ, મુંબઈ નં. ૩.

૮ પ્રકાશચંદ્ર જૈન ( ગારીયાધારકર )
C/o. પ્રફુલચંદ્ર પુસ્તકાલય,
ઠે. ૮૬, ડામરગલી, મસીદ બંદર રોડ,
મુંબઈ નં. ૯.

૯ શ્રી ગણેશ પરમાર
ઠે. લહેરી મેન્શન, કૃષ્ણ ટોકીઝ સામે,
ત્રીજે માળે મુંબઈ નં. ૪.

૧૦ શાહ અમૃતલાલ સાકરચંદ
ઠે. ઝવેરીવાડ, આંબલીપોળ–અમદાવાદ.

૧૧ શાહ નાગરદાસ અમથાલાલ ( મહુડીવાલા )
ઠે. ૨૧, જૈન સોસાયટી, એલીસબ્રીજ,
અમદાવાદ–૬.

૧૨ શાહ ચીમનલાલ રતનચંદ સાંડસા
( જી. બનાસકાંઠા ) પોસ્ટ ડીસા રાજપુર.

૧૩ શાહ ચીમનલાલ રતનચંદ સાંડસા
ઠે. શાહુપુરી પેઠ, કોલ્હાપુર. ( મહારાષ્ટ્ર )

૧૪ શાહ પોપટલાલ પાનાચંદભાઈ
ઠે નવઘરી જી. વડોદરા, ઉ. ગુ. મુ. પાદરા

૧૫ શાહ સોમચંદ પોપટલાલ, તમાકુના વેપારી
જી. ખેડા. મુ. પેટલાદ.

૧૬ શ્રી સાગરગચ્છ કમીટીની પેઢી
ઠે શ્રી પદ્મપ્રભુ જૈન દેરાસર, મુ. સાણંદ.

૧૭ શાહ હસમુખભાઈ ગોવિંદજી મહેતા – સાણંદ

૧૮ શાહ કાંતિલાલ રાયચંદ મહેતા – સાણંદ

૧૯ શાહ ન્યાલચંદ ડાહ્યાભાઈ
વાયા લીંબડી, મુ. શિયાણી

૨૦ શાહ મહાસુખલાલ અમૃતલાલ – પાટણ.

૨૧ ડો. બાબુભાઈ મગનલાલ – મહેસાણા

૨૨ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ જૈન જ્ઞાનમંદિર
( ઉ ગુ. ) મુ. વિજાપુર.

૨૩ શાહ ભોગીલાલ અમથાલાલ વખારીઆ ,,

૨૪ ગાંધી પોપટલાલ પાનાચંદભાઈ – ધંધુકા.

૨૫ શાહ અંબાલાલ ચુનીલાલ–દીગપુર બારેજડી

૨૬ માસ્તર ઉમેદભાઈ અમીચંદ – પાલીતાણા.

૨૭ શાહ માનચંદ દીપચંદ – પુના સીટી.

૨૮ શાહ જયંતિલાલ નટવરલાલ – અમદાવાદ

# અમારી સંસ્થાના માનદ્ વ્યવસ્થાપકો

શેઠશ્રી હિરાલાલ સોમચંદ ( સંસ્થાના ઉપ-પ્રમુખ )
શ્રી ચીમનલાલ અંબાલાલ ચોકસી
,, શાંતિલાલ અંબાલાલ શાહ
,, પુંડરીકલાલ અમૃતલાલ ચોકસી
,, બાબુભાઇ વાડીલાલ કાપડીઆ

★

# 'બુદ્ધિપ્રભા' કાર્યવાહક મંડળ

શ્રી મનુભાઇ ચીમનલાલ ચોકસી
,, પ્રવિણચન્દ્ર રતીલાલ શાહ
,, રસીકલાલ મણીલાલ શાહ
,, નવિનચન્દ્ર મંગળદાસ શાહ
,, ભદ્રિકલાલ ચંદુલાલ શાહ
,, મનુભાઈ મંગળદાસ શાહ
,, સુરેન્દ્રકુમાર જીવાભાઇ કાપડીયા
,, ભદ્રિકલાલ અમૃતલાલ ચોકસી
,, રસીકલાલ ચીમનલાલ ચોકસી
,, યશવંતકુમાર છબીલદાસ
,, ભરતકુમાર ચીમનલાલ શાહ
,, કુસુમચન્દ્ર કેશવલાલ શાહ
,, જગદીશચન્દ્ર કેશવલાલ શાહ
,, મનુભાઈ ચીમનલાલ ઘીયા

卐

## 'બુદ્ધિપ્રભા'ને સહાયક થવાના પ્રકારો

| | |
|---|---|
| રૂા. ૨૫૧) આપનાર સભ્ય પેટ્રન મેમ્બર ગણાશે | રૂા. ૧૧) આપનાર પાંચ વર્ષના ગ્રાહક ગણાશે |
| રૂા. ૧૫૧) ,, ,, આશ્રયદાતા ,, ,, | રૂા. ૭) આપનાર ત્રણ વર્ષના ગ્રાહક ગણાશે |
| રૂા. ૧૦૧) ,, ,, આજીવન ,, ,, | રૂા. ૨.૫૦ ન.પૈ. આપનાર વાર્ષિક ગ્રાહક ગણાશે |
| રૂા. ૫૧) ,, ,, શુભેચ્છક ,, ,, | |